ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર

# સમૃદ્ધિ

RNI REG. NC. 15069/1968

VOL. : 58 / ISSUE-09 / MARCH 2026



## ‘એનર્જી–પાવર–ઇલેક્ટ્રિક એક્સ્પો ૨૦૨૬’ EPEનો બિહારના માનનીય રાજ્યપાલશ્રીના હસ્તે ભવ્ય શુભારંભ

## સુરત ઇન્ટરનેશનલ ટેક્સ્ટાઇલ મશીનરી એક્ઝિબિશન ‘સીટેક્ષ ૨૦૨૬’



SGCCI

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

ACT WITH ONE MIND

## ACTIVITIES OF SGCCI

Signature BUSINESS CLUB

SGCCI GLOBAL CONNECT

SBC SGCCI BUSINESS CONNECT support & promote...

SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE सा विद्या या विमुक्तये SESDC SGCCI EDUCATION HUB

GFRRC GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE (An Initiative of SGCCI)

SGCCI WOMEN ENTREPRENEUR CELL

GOLDEN JUBILEE AWARDS

કાયમી સમાધાન પંચ

NGF CENTRE SURAT

SOUTH GUJARAT PRODUCTIVITY COUNCIL SGPC

SURAT CITYZEN'S COUNCIL TRUST SCCT

ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર समृद्धि

SGCCI infozine e-newsletter - Monthly

## ચેમ્બરના હોદ્દેદારો

**નિખિલ મદ્રાસી**
પ્રમુખ

**અશોક જીરાવાલા**
ઉપપ્રમુખ

**વિજય મેવાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ

**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી

**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

તંત્રી
**અમરિષ ભટ્ટ**

સહતંત્રી
**વિપુલ સાચપરા**

એડિટોરિયલ એન્ડ કો-ઓર્ડિનેટર
**જિતેન્દ્ર પારઘી (પવાર)**


પ્રકાશક
**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી**


છઠ્ઠો માળ, સંહતિ બિલ્ડિંગ, SIECC કેમ્પસ,
ચેમ્બર ઓફ કોમર્સ રોડ, ખજોદ ચાર રસ્તા પાસે,
સરસાણા, સુરત-395007, ગુજરાત, ભારત.
ફોન : +91-261-2291111
(E) info@sgcci.in (w) www.sgcci.in

**સંપર્ક : ધનેન્દ્ર પાટીલ, સેક્રેટરી**



સમૃદ્ધિમાં પ્રસિદ્ધ થતા વક્તા કે લેખકોના વિચારો સાથે ચેમ્બર સહમત છે એમ સમજવું નહિ.


# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | 'એનર્જી–પાવર–ઇલેક્ટ્રિક એક્ષ્પો ૨૦૨૬' EPEનો બિહારના માનનીય રાજ્યપાલશ્રીના હસ્તે ભવ્ય શુભારંભ | 05 |
| 02 | EPE એક્ઝિબિશનની ત્રણ દિવસમાં ૧૨ હજારથી વધુ વિઝીટર્સે મુલાકાત લીધી | 08 |
| 03 | સુરત ઇન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ મશીનરી એક્ઝિબિશન 'સીટેક્ષ ૨૦૨૬' | 08 |
| 04 | સીટેક્ષ ૨૦૨૬નું ભવ્ય સમાપન: ૨૬૦૦૦થી વધુ વિઝિટર્સ અને ₹ ૧૫૦૦ કરોડથી વધુના ઓર્ડર્સ સાથે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં નવો ઉત્સાહ | 11 |
| 05 | કેન્દ્રીય નાણામંત્રી દ્વારા રજૂ કરાયેલું વર્ષ ૨૦૨૬-૨૦૨૭નું સામાન્ય બજેટ સબકા સાથ સબકા વિકાસ સાથે વિકાસને જાળવી રાખતું વિકાસશિલ બજેટ છે : ચેમ્બર | 12 |
| 06 | સુરતના ઘણા આશિક છે, હું પણ એમાંથી એક પોતાને ગણું છું : સુરતના મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજન (IAS) | 14 |
| 07 | પોસ્ટ બજેટ એનાલિસિસ | 16 |
| 08 | દેશના ગૌરવરૂપ પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત સુરતની પ્રતિષ્ઠિત વ્યક્તિઓના સન્માન માટે વિશિષ્ટ સન્માન સમારોહ | 17 |
| 09 | ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર્સ સેલ દ્વારા બિઝનેસ પ્રેઝન્ટેશન મિટિંગ | 19 |
| 10 | મહિલાઓના આરોગ્ય અને હૃદય સ્વાસ્થ્ય અંગે અવેરનેસ સેશન | 21 |
| 11 | બજેટ બાદ કોમોડિટી માર્કેટના ટ્રેન્ડ્સ અંગે 'ફ્રોમ બજેટ ટુ બુલિયન' સંદર્ભે સેશન | 22 |
| 12 | ચેમ્બર ઓફ કોમર્સ અને સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલ દ્વારા પ્રોડક્ટિવિટી સાથે પ્રગતિ કાર્યક્રમ શ્રેણીનો ત્રીજો એપિસોડ યોજાયો | 23 |
| 13 | ફ્રોડને સમજવા, ઓળખવા અને અટકાવવા અંગે ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન | 24 |
| 14 | એન્ડોમેટ્રિઓસિસ અને એગ ફ્રીઝિંગ વિષે જાગૃતિ સેશન | 25 |
| 15 | ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા વિવિધ ઉદ્યોગોમાં ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ્સ | 26 |
| 16 | મુંબઇ ખાતે ટેક્ષ્ટાઇલ કમિશનર સુશ્રી વૃંદા દેસાઇ સમક્ષ વિવિધ મુદ્દાઓને લઇ રજૂઆત | 27 |
| 17 | ફાઇનાન્સિયલ પ્લાનિંગ વિષે લાઇવ પ્રેક્ટિકલ વર્કશોપ | 28 |
| 18 | ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ ૨૦૨૩ વિષે અવેરનેસ અને ટ્રેઇનીંગ વર્કશોપ | 29 |
| 19 | ગુજરાત બજેટથી સુરતના ઉદ્યોગોને મળશે નવી દિશાઃ ચેમ્બર ઓફ કોમર્સ | 31 |
| 20 | સુરતમાં MMF ટેક્ષ્ટાઇલ પર બજેટ અને ભૂરાજકીય અસરો અંગે સેમિનાર | 33 |
| 21 | ચેમ્બરના સહયોગથી અફઘાનિસ્તાન મુલાકાતે નવા વ્યાપારિક અવસરો મળ્યા | 34 |
| 22 | ટેક્ષ્ટાઇલ કોન્કલેવ ૨૦૨૬ યોજાયો | 35 |
| 23 | દૈનિક જીવનમાં થતા સામાન્ય હાડકા અને સાંધાના રોગો વિષે જાગૃતિ સત્ર | 36 |
| 24 | ટેરેસ ગાર્ડનિંગ પ્રેઝન્ટેશન – કિચન ગાર્ડન વિષે કાર્યક્રમ | 37 |
| 25 | પોલીસની ૧૧૨ની સેવા અને ટ્રાફિક મોનિટરિંગ અંગે બહેનોને માહિતગાર કરાવ્યા | 38 |
| 26 | 'ટ્યુબરક્યુલોસિસઃ મિથ્સ, ફેક્ટ્સ એન્ડ પ્રિવેન્શન' વિષે સત્ર | 40 |


**સમૃદ્ધિના અંક વિશેનો આપનો અભિપ્રાય આવકાર્ય છે**

# ચેમ્બરના હોદ્દેદારો



**નિખિલ મદ્રાસી**
પ્રમુખ



**અશોક જીરાવાલા**
ઉપપ્રમુખ



**વિજય મેવાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ



**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી



**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

# 'એનર્જી-પાવર-ઈલેક્ટ્રિક એક્સ્પો ૨૦૨૬' EPEનો બિહારના માનનીય રાજ્યપાલશ્રીના હસ્તે ભવ્ય શુભારંભ



## બિહારમાં ઉદ્યોગ સ્થાપનારા અને રોકાણ કરનાર ઉદ્યોગકારોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તેની પૂરતી તકેદારી રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવશે : બિહારના માનનીય રાજ્યપાલ શ્રી આરિફ મોહમ્મદ ખાન

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે તા. ૬, ૭ અને ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'એનર્જી-પાવર-ઈલેક્ટ્રિકલ એક્ષ્પો ૨૦૨૬' (EPE)નું આયોજન કરવામાં આવ્યું હતું.

શુક્રવાર, તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે એક્ઝિબિશન ડોમમાં ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો, જેમાં ઉદ્ઘાટક તરીકે બિહારના માનનીય રાજ્યપાલ શ્રી આરિફ મોહમ્મદ ખાન પધાર્યા હતા અને તેમના વરદ્ હસ્તે એક્ઝિબિશનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં કે.પી. ગૃપના ડિરેક્ટર શ્રી અફાન ફારૂક પટેલે અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધન કરતા જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા ઊર્જા, પાવર અને ઈલેક્ટ્રિકલ ક્ષેત્રના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને 'એનર્જી-પાવર-ઈલેક્ટ્રિકલ એક્ષ્પો ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્ષ્પો માત્ર એક એક્ઝિબિશન નથી, પરંતુ ઊર્જા ક્ષેત્રની અદ્યતન ટેકનોલોજી, નવીન ઉત્પાદનો અને સસ્ટેનેબલ સોલ્યુશન્સ માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડશે. સરકારની નીતિઓ, પીએસયુઝની ક્ષમતા અને ઔદ્યોગિક એકમોની નવીનતા – આ ત્રણેય વચ્ચે અસરકારક જોડાણ સ્થાપિત કરવાનો અમારો મુખ્ય હેતુ છે. 'પાવરીંગ ધ ફ્યુચર - ટુડે'ના થીમ હેઠળ આ એક્ઝિબીશન દ્વારા ગ્રીન એનર્જી, સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આત્મનિર્ભર ભારતના વિઝનને મજબૂતી મળશે.

બિહારના માનનીય રાજ્યપાલ શ્રી આરિફ મોહમ્મદ ખાને પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, મારી સમજ મુજબ







# ઉદ્યોગકારોની જવાબદારી માત્ર ગુજરાત પૂરતી સિમિત નથી, પરંતુ સમગ્ર દેશ માટેની છે, ગુજરાતના ઉદ્યોગ સાહસિકોએ રાષ્ટ્રીય વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવી પડશે : બિહારના માનનીય રાજ્યપાલ શ્રી આરિફ મોહમ્મદ ખાન

ગુજરાતીઓની વિશેષતા એ છે કે તેઓ ઇનોવેટિવ છે. સમસ્યામાંથી પણ તેઓ તક શોધી કાઢે છે અને સમસ્યાનું નિવારણ લાવે છે. કુદરતે ગુજરાતીઓને વિશેષ ક્ષમતાઓ આપી છે, જેના કારણે તેઓ બિઝનેસ ક્ષેત્રે હંમેશા આગળ રહ્યા છે.

ઉદ્યોગકારોને સંબોધતા તેમણે કહ્યું કે, તમારી જવાબદારી માત્ર ગુજરાત પૂરતી સિમિત નથી, પરંતુ સમગ્ર દેશ માટેની છે. ગુજરાતના ઉદ્યોગ સાહસિકોએ રાષ્ટ્રીય વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવી પડશે. આ તકે તેમણે સુરત સહિત ગુજરાતના ઉદ્યોગકારોને બિહાર રાજ્યમાં ઉદ્યોગ ક્ષેત્રે રોકાણ કરવા અને બિઝનેસ કરવા આમંત્રણ આપતા કહ્યું હતું કે, બિહાર રાજ્ય ઉદ્યોગકારોનું સ્વાગત કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. બિહારમાં ઉદ્યોગ સ્થાપનારા અને રોકાણ કરનાર ઉદ્યોગકારોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તેની પૂરતી તકેદારી રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવશે તેવી ખાતરી પણ તેમણે આપી હતી.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારે જીએસટીમાં વ્યાપક સુધારા કર્યા છે તેમજ શ્રમ કાયદાઓમાં મહત્વપૂર્ણ પરિવર્તન લાવ્યા છે. પરિણામે ભારતની અર્થવ્યવસ્થા ઝડપી ગતિએ આગળ વધી રહી છે. 'મધર ઓફ ઓલ ટ્રેડ'તરીકે ભારત માટે યુરોપિયન દેશો સહિત સમગ્ર વિશ્વમાં નવા ઔદ્યોગિક અવસરો સર્જાઈ રહ્યા છે. આવનારા સમયમાં આશરે ૭૦થી ૮૦ લાખ લોકોને રોજગાર મળવાની સંભાવના છે. રોજગારમાં વધારો થવાથી ઉર્જાની માંગમાં પણ નોંધપાત્ર વધારો થશે. વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં અગ્રણી સ્થાન મેળવવા માટે પણ પૂરતી અને વિશ્વસનીય ઉર્જા ઉપલબ્ધતા અનિવાર્ય બનશે.

દેશના પાંચ રાજ્યોમાં નવી સેમીકન્ડકટર ફેક્ટરીઓ શરૂ થવાની માહિતી આપતા તેમણે કહ્યું હતું કે, એમાંથી એક ફેક્ટરી ગુજરાતમાં પણ શરૂ થવાની છે, જેના કારણે ઉર્જાની જરૂરિયાતમાં વધારો થશે. વધતું શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ



**શ્રી નિખિલ મદ્રાસી**
**પ્રમુખ, ચેમ્બર ઓફ કોમર્સ**




**ઉદ્યોગ સાહસિકોને સંબોધતા**
**બિહારના માનનીય રાજ્યપાલ**
**શ્રી આરિફ મોહમ્મદ ખાન**



**સીએ શ્રી મિતિષ મોદી**
**માનદ્ ખજાનચી**
**ચેમ્બર ઓફ કોમર્સ**



**શ્રી ભાવેશ ટેલર**
**ચેરમેન, EPE એક્ષ્પો ૨૦૨૬**



**ચેમ્બર પ્રમુખની સાથે વિચારગોષ્ઠી કરતી વખતે બિહારના માનનીય રાજ્યપાલ શ્રી આરિફ મોહમ્મદ ખાન**



**મિડિયાકર્મીઓને સંબોધતા બિહારના માનનીય રાજ્યપાલ શ્રી આરિફ મોહમ્મદ ખાન**

અને ટેકનોલોજિકલ પ્રગતિને કારણે ઉર્જા, સોલાર એનર્જી અને ન્યુક્લિયર એનર્જી આગામી સમયમાં વધુ લોકપ્રિય બનશે.

તેમણે જણાવ્યું હતું કે, ભારતે જ્યારે સંસ્કૃતિ અને સભ્યતાની યાત્રા શરૂ કરી હતી ત્યારે મહર્ષિઓએ જે આધ્યાત્મિક, વૈચારિક અને નૈતિક મૂલ્યોની શરૂઆત કરી હતી, તે પરંપરા આજે પણ એટલી જ જીવંત છે. ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા યુવાઓમાં ઉત્સાહ, ઉર્જા અને જીવનને યોગ્ય દિશા આપવાનું કાર્ય કરે છે.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ વડાપ્રધાનશ્રીના વિચારોનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ દર્શાવેલી ‘પંચ પીલર’ની સંકલ્પનામાંથી એક મહત્વપૂર્ણ પીલર ભારતીય સંસ્કૃતિ છે, તેથી દરેક ભારતીયે પોતાની સંસ્કૃતિ પર ગર્વ અનુભવવો જોઈએ.

રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતે પોતાની સંસ્કૃતિને આત્મા સાથે પરિભાષિત કરી છે. આત્મા એ તમામ ભારતીયોનો સંયુક્ત વારસો છે. આ મૂલ્યપ્રધાન વિચારધારાના કારણે ભારતે ક્યારેય અન્ય દેશો અથવા તેના નાગરિકો પર આક્રમણ કર્યું નથી. જોકે, જ્યાં પાકિસ્તાનમાં આતંકવાદની યોજનાઓ રચાતી હતી, ત્યાં ભારતીય લશ્કરે દ્રઢતા સાથે કાર્યવાહી કરીને આતંકવાદનો સફાયો કર્યો છે અને એક કિર્તિમાન સ્થાપ્યું છે.

તેમણે સ્વામી વિવેકાનંદના વિચારને યાદ કરતા જણાવ્યું હતું કે, બીજાઓ માટે જે જીવે છે, એ જ સાચે અર્થમાં જીવે છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, જીવનનો ઉદ્દેશ્ય સુખની પ્રાપ્તિ નહીં પરંતુ જ્ઞાનની પ્રાપ્તિ છે. તેમણે ભારતીય દાર્શનિક વિચારધારાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, આ વિશ્વમાં જે કંઈ પરિવર્તનશીલ છે તે મિથ્યા છે અને સત્ય માત્ર બ્રહ્મ છે. વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે આત્મસંશોધન અત્યંત જરૂરી છે તેમ પણ રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

સમારોહના અંતમાં રાજ્યપાલશ્રીએ સ્વતંત્રતા સેનાનીઓના સપનાઓને યાદ કરતાં કહ્યું હતું કે, તેઓએ એવું ભારત કલ્પ્યું હતું, જ્યાં દેશ પરાધિનતાથી મુક્ત થઈ વિશ્વમાં સન્માન સાથે માથું ઊંચું કરીને ચાલી શકે. આ સપનાને સાકાર કરવા માટે લોકોનું જીવનધોરણ સુધારવું, આર્થિક પરિસ્થિતિ મજબૂત બનાવવી અને સુવિધાપૂર્ણ જીવન માટે અનુકૂળ વાતાવરણનું નિર્માણ કરવું જરૂરી છે.

ચેમ્બરના ‘એનર્જી-પાવર-ઈલેક્ટ્રિકલ એક્ષ્પો ૨૦૨૬’ (EPE)ના ચેરમેન શ્રી ભાવેશ ટેલરે એક્ષ્પો વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે, સુરતના ૨૯ તથા અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, પૂણે, મુંબઇ અને ગાઝિયાબાદના મળી કુલ ૬૦ એક્ઝિબિટર્સ દ્વારા એક્ષ્પોમાં ભાગ લેવામાં આવ્યો છે, જેમાં ૬૫ ટકા મેન્યુફેક્ચરર્સ અને ૩૫ ટકા ટ્રેડર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સનો સમાવેશ થાય છે.

એક્ઝિબિટર્સ દ્વારા રિન્યુએબલ એન્ડ કિલન એનર્જી સેકટર, સપોર્ટીંગ સર્વિસિસ એન્ડ સોલ્યુશન્સ, ઈલેકિટ્રકલ ઇકિવપમેન્ટ અને કોમ્પોનન્ટસ અને સસ્ટેનેબિલિટી અને ગ્રીન ટેક સેગમેન્ટમાં વિવિધ પ્રોડકટનું પ્રદર્શન કરાશે. આ એક્ષ્પોમાં વિવિધ રાજ્યોના ગવર્નમેન્ટ વિભાગો, પીએસયુઝ (પબ્લિક સેકટર અન્ડરટેકિંગ્સ) તેમજ કોર્પોરેટ સેગમેન્ટ્સ ભાગ લેશે અને પોતાની નવીન યોજનાઓ, ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કરશે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ બિહારના માનનીય રાજ્યપાલશ્રી તેમજ ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

ચેમ્બરના માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદીએ ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્‌ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ચેમ્બરના ઓલ એકિઝબિશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમર, પૂર્વ પ્રમુખશ્રીઓ, ઉદ્યોગ સાહસિકો, એકિઝબિટર્સ અને વિઝીટર્સ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

# EPE એક્ઝિબિશનની ત્રણ દિવસમાં ૧૨ હજારથી વધુ વિઝીટર્સે મુલાકાત લીધી






ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, 'એનર્જી-પાવર-ઈલેક્ટ્રિકલ એક્ષ્પો ૨૦૨૬'ને મુલાકાતીઓ તરફથી જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો. આ એક્ષ્પોમાં ઉદ્યોગકારો, ઈજનેરો, કન્સલ્ટન્ટ્સ, પ્રોજેક્ટ ડેવલપર્સ તથા વિદ્યાર્થીઓ સહિત વિવિધ વર્ગના મુલાકાતીઓએ હાજરી આપી હતી. આ એક્ષ્પોમાં ભાગ લેનારા ૬૫ ટકા મેન્યુફેકચરર્સ અને ૩૫ ટકા ટ્રેડર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સને સુરત સહિત રાજ્યના વિવિધ શહેરોમાંથી વિઝીટર્સનો સારો પ્રતિસાદ મળ્યો હતો.

ત્રણ દિવસમાં ૧૨ હજારથી વધુ મુલાકાતીઓએ આ એક્ષ્પોની મુલાકાત લઈ પ્રદર્શિત થનારા પ્રોડકટ અને સેવાઓની માહિતી મેળવી હતી, આથી એક્ઝિબિટર્સને સ્થળ પર જ વ્યવસાયિક પૂછપરછ અને ભવિષ્યની ડીલ્સ માટે સકારાત્મક સંવાદ મળ્યો હોવાનું જણાવ્યું હતું. 'એનર્જી-પાવર-ઈલેક્ટ્રિકલ એક્ષ્પો ૨૦૨૬' સુરત માટે જ નહીં પરંતુ સમગ્ર દક્ષિણ ગુજરાત માટે ઊર્જા અને ઈલેક્ટ્રિકલ ક્ષેત્રના વિકાસમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થયો હોવાનું જાણવા મળ્યું હતું.

# સુરત ઇન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ મશીનરી એક્ઝિબિશન 'સીટેક્ષ ૨૦૨૬'









ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે તા. ૨૧, ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ‘સીટેક્ષ - સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઈલ એક્ષ્પો-૨૦૨૬’નું આયોજન કરવામાં આવ્યું હતું.

સીટેક્ષ ૨૦૨૬નો ઉદ્‌ઘાટન સમારોહ શનિવાર, તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, એસ.આઈ.ઈ.સી.સી., ચેમ્બર ઓફ કોમર્સ રોડ, સરસાણા, સુરત ખાતે યોજાયો હતો, જેમાં ઉદ્‌ઘાટક તરીકે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને વાડીલાલના ચેરમેન શ્રી રાજેશ ગાંધી પધાર્યા હતા અને તેમના વરદ્ હસ્તે એકિઝબિશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા સીટેક્ષ એક્ઝિબિશનની ૧૩મી આવૃત્તિ રજૂ કરવામાં આવ્યું હતું. ટેક્ષ્ટાઇલ મશીનરીનું સીટેક્ષ એક્ઝિબિશન આ વર્ષનું બીજું એકિઝબિશન છે અને એપ્રિલ ૨૦૨૬માં ત્રીજું એક્ઝિબિશન યોજાશે. આજથી ત્રણ દિવસ માટે શરૂ થયેલા આ એક્ઝિબિશનમાં એક્ઝિબિટર્સ દ્વારા વર્લ્ડ ક્લાસ ટેક્ષ્ટાઇલ મશીનરીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિશ્વમાં પ્રથમ વખત ચાર પનાવાળું હાઈસ્પીડ રેપિયર જેકાર્ડ મશીન સીટેક્ષ એક્ષ્પોમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. સાથે જ હાઈસ્પીડ એરજેટ મશીનનો પણ ડેમો રજૂ કરાયો હતો. નવી પોઝિશન પ્રિન્ટર મશીનરી અને પોઝિશન એમ્બ્રોઇડરી મશીનરી પ્રદર્શનમાં મૂકવામાં આવી છે. આ એક્ષ્પોમાં સર્ક્યુલર નિટિંગ મશીનની અદ્યતન શ્રેણી પણ રજૂ કરવામાં આવી હતી.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને વાડીલાલના ચેરમેન શ્રી રાજેશ ગાંધીએ ટેક્ષ્ટાઇલ મશીનરી મેન્યુફેકચરર્સ અને ઉદ્યોગકારોને સંબોધતા જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત સીટેક્ષ






**શ્રી નિખિલ મદ્રાસી**
**પ્રમુખ, ચેમ્બર ઓફ કોમર્સ**




**શ્રી રાજેશ ગાંધી**
**GCCIના VP અને વાડીલાલના ચેરમેન**

# સીટેક્ષ માત્ર ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના વિકાસ માટે જ નહીં, પરંતુ સમગ્ર શહેરના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે : GCCIના સિનિયર ઉપપ્રમુખ શ્રી રાજેશ ગાંધી

એક્ઝિબિશનમાં વિશ્વસ્તરની આધુનિક ટેક્ષ્ટાઇલ મશીનરીનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. આ પ્રદર્શન માત્ર ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના વિકાસ માટે જ નહીં, પરંતુ સમગ્ર શહેરના સર્વાંગી વિકાસ માટે પણ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થયું હતું.

તેમણે ટેક્ષ્ટાઇલ મશીનરી મેન્યુફેક્ચરર્સને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, યુરોપિયન અથવા જાપાનીઝ ટેકનોલોજી આધારિત મશીનરીનું ઉત્પાદન ભારતમાં જ લગભગ ૮૦થી ૯૦ ટકા સુધી શકય છે. ટેક્ષ્ટાઇલ મશીનરીના ક્ષેત્રમાં પણ ભારત વિશ્વ કક્ષાનું રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કરી શકે છે. તેમણે કહ્યું કે, ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સાથે સાંકળવાની દિશામાં કેટલાક પડકારો હોવા છતાં તેનો અમલ કરવામાં આવે તો ઉત્પાદનમાં એફિશિયન્સી અને સ્પીડમાં નોંધપાત્ર વધારો થશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનોથી ટેક્ષ્ટાઇલના નિકાસમાં પણ મોટો વધારો કરી શકાય છે.

ચેમ્બરના ઓલ એક્ઝિબિશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમરે જણાવ્યું હતું કે, સીટેક્ષ એક્ઝિબિશનમાં સુરત ઉપરાંત નવી દિલ્હી, મુંબઇ, લુધિયાના, વડોદરા, અમદાવાદ, કોઇમ્બતુર, ઠાણે, પાનીપત, કોલ્હાપુર, પુણે, દાદરા, ભીલવાડા અને વલસાડ મળી કુલ ૧૧૦ એકિઝબિટર્સે ભાગ લીધો હતો.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સમારોહનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, સીટેક્ષ એક્ઝિબિશનના ચેરમેન શ્રી સુરેશ પટેલ, એકિઝબિટર્સ અને ઉદ્યોગ સાહસિકો ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.




**શ્રી બિજલ જરીવાલા**
**માનદ્ મંત્રી, ચેમ્બર ઓફ કોમર્સ**




**શ્રી કિરણ ઠુંમર**
**ચેરમેન, ઓલ એકિઝબિશન્સ, ચેમ્બર**

# સીટેક્ષ ૨૦૨૬નું ભવ્ય સમાપન: ૨૬૦૦૦થી વધુ વિઝિટર્સ અને ₹ ૧૫૦૦ કરોડથી વધુના ઓર્ડર્સ સાથે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં નવો ઉત્સાહ




સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ એક્ષ્પો ૨૦૨૬'નું સોમવારે સફળતાપૂર્વક સમાપન થયું હતું. આ ત્રિ-દિવસીય એક્ષ્પોએ ટેક્ષ્ટાઇલ મશીનરી અને ટેકનોલોજી ક્ષેત્રે નવા સીમાચિહ્નો સ્થાપિત કર્યા હતા. ૨૬૦૦૦થી વધુ બાયર્સ અને વિઝિટર્સની મુલાકાત સાથે એક્ઝિબિટર્સને આગામી ત્રણથી ચાર મહિનામાં રૂ. ૧૫૦૦ કરોડથી વધુના ઓર્ડર્સ મળવાની અપેક્ષા છે.

### ત્રણ દિવસનો ધસારો

આ પ્રદર્શનમાં ત્રણ દિવસ દરમિયાન કુલ ૨૬૦૦૦થી વધુ વિઝિટર્સે મુલાકાત લીધી હતી, જેનો વિગતવાર રિપોર્ટ નીચે મુજબ છે:

**પ્રથમ દિવસ - ૫૫૬૦**
**બીજો દિવસ - ૧૧૮૫૦**
**ત્રીજો દિવસ - ૮૫૯૭**
**કુલ વિઝિટર્સ - ૨૬૦૦૭**

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, એક્ઝિબિટર્સ તરફથી મળેલો પ્રતિસાદ અત્યંત પ્રોત્સાહક છે અને સીટેક્ષ ૨૦૨૬ ખરા અર્થમાં 'સુપર હીટ'પુરવાર થયું છે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રદર્શનમાં સહભાગી થયેલા તમામ એક્ઝિબિટર્સે દેશભરમાંથી આવેલા બાયર્સ સમક્ષ પોતાની અત્યાધુનિક મશીનરીઓનું શ્રેષ્ઠ પ્રેઝન્ટેશન કર્યું હતું. એક્ઝિબિટર્સ અને જેન્યુન બાયર્સ વચ્ચેની 'વન ટુ વન' મીટિંગોના પરિણામે ઓન-સ્પૉટ ઓર્ડર્સની સાથે મોટી સંખ્યામાં નવી બિઝનેસ ઈન્કવાયરીઓ જનરેટ થઈ હતી.

### કરોડોની અત્યાધુનિક મશીનરી માટે એડવાન્સ બુકિંગ

સીટેક્ષ એક્ષ્પોના બીજા જ દિવસે પ્રભાવશાળી બિઝનેસ ડીલ જોવા મળી હતી. પ્રદર્શનમાં પ્રદર્શિત કરવામાં આવેલી અત્યાધુનિક ટેકનોલોજીથી પ્રભાવિત થઈને કેટલાક અગ્રણી બાયર્સ દ્વારા કરોડોની કિંમતની અત્યાધુનિક મશીનરી માટે એક્ઝિબિટર્સને ઓન-સ્પૉટ ઓર્ડર આપવામાં આવ્યા હતા.

### દેશભરના 40થી વધુ શહેરોમાંથી બાયર્સ ઉમટી પડ્યા

સીટેક્ષ-2026 એ માત્ર સ્થાનિક નહીં પણ રાષ્ટ્રીય સ્તરનું આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રદર્શનમાં દેશના ખૂણેખૂણેથી ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ સાથે સંકળાયેલા મુલાકાતીઓ આવ્યા હતા, જેમાં મુખ્યત્વે નીચે મુજબના શહેરોનો સમાવેશ થયો હતો.

- ગુજરાત: અમદાવાદ, ભાવનગર, ભુજ, અમરેલી, પાટણ, સિદ્ધપુર, સુરેન્દ્રનગર, વીરપુર અને અબ્રામા.
- મહારાષ્ટ્ર: મુંબઈ, પૂણે, નાશિક, ઔરંગાબાદ, કોલ્હાપુર, સોલાપુર, માલેગાવ અને ઈચ્છલકરંજી.
- ઉત્તર ભારત: નવી દિલ્હી, ગાઝિયાબાદ, અંબાલા, વારાણસી, ઈટવા, પ્રતાપગઢ અને બદરીનાથપુરી.
- રાજસ્થાન: ભિલવાડા, જોધપુર, બિકાનેર અને ડુંગરપુર.
- દક્ષિણ ભારત: બેંગ્લોર, ચેન્નાઈ, હૈદરાબાદ, કોઈમ્બતુર, ઈરોડ, તિરૂપુર અને સેલમ (સિલચુર).
- અન્ય રાજ્યો: કોલકાતા, ઈન્દોર અને બકસર.

# કેન્દ્રીય નાણામંત્રી દ્વારા રજૂ કરાયેલું વર્ષ ૨૦૨૬-૨૦૨૭નું સામાન્ય બજેટ સબકા સાથ સબકા વિકાસ સાથે વિકાસને જાળવી રાખતું વિકાસશિલ બજેટ છે : ચેમ્બર





ભારતના કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા આજે સવારે વર્ષ ૨૦૨૬-૨૦૨૭નું સામાન્ય બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ સામાન્ય બજેટમાં ઉદ્યોગ જગત માટે કેટલીક મોટી જાહેરાતો કરવામાં આવી છે, જેમાં સેમિકન્ડક્ટરથી લઈને ટેક્સટાઈલ અને MSME ઉદ્યોગો માટે વિશેષ પેકેજ અને યોજનાઓની જાહેરાત કરી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા ટેક્સટાઈલ ક્ષેત્ર માટે ભારતમાં સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવા માટે સ્પેશિયલ સ્કીમની માંગ કરવામાં આવી હતી. બજેટમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવા ફંડની જાહેરાત કરી હતી. આ ઉપરાંત ચેમ્બર દ્વારા ક્લસ્ટર વાઈઝ અપગ્રેડેશન ફંડની પણ માંગ કરવામાં આવી હતી, જેની પણ બજેટમાં જાહેરાત કરવામાં આવી હતી. તેમણે વધુમાં કહ્યું કે, આ બજેટમાં લોકોની આકાંક્ષાઓ પૂર્ણ થઇ છે. સામાન્ય બજેટ સબકા સાથ સબકા વિકાસ સાથે વિકાસને જાળવી રાખતું વિકાસશિલ બજેટ છે.

આ ઉપરાંત, ચેમ્બરે લોજીસ્ટીક કોસ્ટ ઘટે એવી જોગવાઈ કરવાની માંગ કરી હતી. નાણામંત્રીએ MSME માટે લિક્વિડીટી સપોર્ટની જાહેરાત કરી હતી. નાના ઉદ્યોગો માટે લિક્વિડીટી સપોર્ટ હેતુ ટ્રાન્ઝેક્શન સેટલમેન્ટ પ્રોગ્રામની જાહેરાત થઈ છે. સેલ્ફ



**શ્રી નિખિલ મદ્રાસી**
**પ્રમુખ, ચેમ્બર ઓફ કોમર્સ**



**શ્રી અશોક જીરાવાલા**
**ઉપપ્રમુખ, ચેમ્બર**



**શ્રી વિજય મેવાવાલા**
**તત્કાલિન પૂર્વ પ્રમુખ, ચેમ્બર**

ઈન્ડિયા ફંડ બનાવવામાં આવશે, જેનાથી માઈક્રો એન્ટરપ્રાઇઝને સીધી મદદ મળશે, ક્રેડિટ ગેરંટી સપોર્ટ મિકેનિઝમ ઊભું કરવામાં આવશે અને જેમ પોર્ટલને ટ્રેડ સાથે લીંક કરવામાં આવશે. પ્રોફેશનલ સપોર્ટ માટે સરકારી સંસ્થાઓને મોડ્યુલર કોર્સ ડિઝાઈન કરવા નિર્દેશ આપ્યા છે.

આ બજેટમાં ડાયમંડ અને જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગ માટે સારી જાહેરાત કરવામાં આવી છે. ઈન્ટરનેશનલ ઈ-કોમર્સમાં રૂ. ૧૦ લાખની મર્યાદાને કાઢી નાખવામાં આવી છે. આ ઉપરાંત, SEZમાં જે યુનિટ હોય એને અમુક માલ ડોમેસ્ટિક ટેરીફ એરિયામાં વેચવાની પરવાનગી આપવામાં આવી છે.

ચેમ્બરના ઉપપ્રમુખ અશોક જીરાવાલાએ કહ્યું હતું કે, બજેટમાં ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ માટે મેગા ટેક્સટાઇલ પાર્ક અને નેશનલ ફાયબર સ્કીમની જાહેરાત કરવામાં આવી છે. રૂરલ વિસ્તારમાં ટેક્ષ્ટાઇલ ગ્રોથ માટે સ્પેશિયલ સ્કીમની જાહેરાત કરવામાં આવી હતી, જેની માંગ પણ ચેમ્બર દ્વારા કરવામાં આવી હતી. ચેમ્બર દ્વારા સુરતમાં ઘણા વખતથી ટેક્ષ્ટાઇલ યુનિવર્સિટીની પણ માંગ કરવામાં આવી રહી હતી. બજેટમાં નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા ઔદ્યોગિક વિસ્તારમાં ટેક્ષ્ટાઇલ યુનિવર્સિટી સ્થાપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત, માઈક્રો સ્મોલ ઈન્ટરપ્રાઈઝ માટે CGTMSE સ્કીમમાં પ્રતિ એકમ રૂપિયા ૧૦ કરોડ સુધીની જોગવાઈ કરવામાં આવી છે, જે રૂપિયા ૫ કરોડ સુધીની હતી. આ મામલે પણ ચેમ્બર દ્વારા ઘણા વખતથી માંગ કરવામાં આવી રહી હતી. આને કારણે સુરતનો આર્થિક વિકાસ બમણી ગતિથી વધશે.

ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ વિજય મેવાવાલાએ કહ્યું હતું કે, બજેટમાં કસ્ટમ વેરહાઉસિંગ ફ્રેમવર્ક અંતર્ગત કસ્ટમ ક્લિયરન્સ પ્રક્રિયામાં ફેસલેસ મિકેનિઝમ અમલમાં લાવવાની જાહેરાત કરવામાં આવી છે, જેનાથી પારદર્શકતા વધશે અને સમય તથા ખર્ચમાં ઘટાડો થશે. કસ્ટમ વિભાગમાં એડવાન્સ રુલિંગની બાઈન્ડીંગની સમય મર્યાદા જે હાલમાં ત્રણ વર્ષની છે તેને વધારીને પાંચ વર્ષ કરવામાં આવી છે, જેના કારણે વેપારીઓને લાંબા ગાળાની નીતિ સ્પષ્ટતા અને વ્યવસાયમાં સ્થિરતા મળશે. આ ઉપરાંત, વિદેશ પ્રવાસ માટે લાગુ પડતા ટીસીએસ દરમાં ઘટાડો કરવાની જાહેરાત કરાઈ છે, જેનાથી મધ્યમ વર્ગ અને પ્રવાસ તથા સેવા ક્ષેત્રને રાહત મળશે.



**શ્રી બિજલ જરીવાલા**
**માનદ્ મંત્રી, ચેમ્બર**



**સીએ શ્રી મિતિષ મોદી**
**માનદ્ ખજાનચી, ચેમ્બર**

ચેમ્બરના માનદ્ મંત્રી બિજલ જરીવાલાએ કહ્યું હતું કે, બજેટમાં ટેક્ષ્ટાઇલ અને લેધર પ્રોડક્ટના એક્સપોર્ટ માટે સ્પેસિફિક રો મટીરિયલ પર ઈમ્પોર્ટ ડ્યુટી નાબુદ કરવાની જાહેરાત કરાઈ હતી. એક્સપોર્ટ ઓબ્લિગેશન પૂર્ણ કરવા માટેના સમયગાળામાં વધારો કરવામાં આવ્યો છે. MSME માટે માઇક્રો ઇન્ટરપ્રાઇઝ માટે સેલ્ફ રિલાયન્ટ ઇન્ડિયા ફંડ રચાશે. નેશનલ હેન્ડલુમ પોલિસી દ્વારા કારીગરોને પ્રોત્સાહન અને મદદ મળશે, જેમાં એકેડેમિક ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ટેકનિકલી મદદ પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત, મહાત્મા ગાંધીગ્રામ સ્વરાજ અંતર્ગત ખાદી અને હસ્ત કલાના પ્રોડક્શન, ટ્રેનિંગ અને માર્કેટ માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટને વેગ આપવામાં આવશે. આ ઉપરાંત, ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM ૨.૦) દ્વારા ટેક્નોલોજી ક્ષેત્રે ભારતને સુસજ્જ કરવા માટે પહેલ કરવામાં આવી છે. આ અંતર્ગત પ્રોડક્શન ઈન્ડિયન આઈપી અને સપ્લાય ચેઈન બનાવવા માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે.

ચેમ્બરના માનદ્ ખજાનચી મિતીષ મોદીએ કહ્યું હતું કે, બજેટમાં સીટી ઈકોનોમિક રીજન (CER) અંતર્ગત પાંચ વર્ષ માટે રૂપિયા ૫૦૦૦ કરોડની પ્રતિ CER દીઠ ફાળવ્યા છે. તે ઉપરાંત, ખેતી ક્ષેત્રમાં પણ AI ટુલ્સનો બહુ ભાશીય ઉપયોગ થઇ શકે તે હેતુથી BHARAT VISTAAR યોજના અંતર્ગત ફાળવણી કરી છે. MSME ગ્રોથ ફંડમાં રૂપિયા ૧૦૦૦૦ કરોડની ફાળવણી કરી છે. પરિણામે, સુરત અને દક્ષિણ ગુજરાતના ટેક્ષ્ટાઇલ ક્ષેત્રના તથા અન્ય ક્ષેત્રના નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને ઔદ્યોગિક વિકાસ કરવા માટે બળ મળશે. બીજી તરફ, ૧લી એપ્રિલ, ૨૦૨૬થી અમલમાં આવનાર નવા ઈન્કમ ટેક્સ એક્ટમાં સહકારી મંડળીની વ્યાખ્યા વિસ્તૃત કરીને મલ્ટી સ્ટેટ કો - ઓપરેટીવ સોસાયટીને પણ સામેલ કરવામાં આવી છે અને તેથી હવે મલ્ટી સ્ટેટ કો - ઓપરેટીવ સોસાયટી પણ ટેક્સ ઈયર ૨૦૨૬-૨૦૨૭થી ઈન્કમ ટેક્સના કાયદા હેઠળ કર કપાતના લાભો મેળવી શકશે. આ ઉપરાંત, કેટલ ફીડ અને કોટન સીડસની પ્રવૃત્તિમાં રોકાયેલી સહકારી મંડળીઓને પણ કમાયેલી આવકને કર કપાતનો લાભ આપનારી દરખાસ્ત ખુબ જ આવકારદાયક છે.

# સુરતના ઘણા આશિક છે, હું પણ એમાંથી એક પોતાને ગણું છું : સુરતના મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજન (IAS)



## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરતના નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજન (IAS) માટે સ્વાગત સમારોહ યોજાયો, બધાએ સન્માન કર્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સુરતના નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજન (IAS) માટે સ્વાગત સમારોહ યોજાયો હતો, જેમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજને ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને નાગરિકો સાથે સંવાદ સાધ્યો હતો.

સુરતના નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજને જણાવ્યું હતું કે, સુરતના ઘણા આશિક છે, હું પણ એમાંથી એક પોતાને ગણું છું. સુરતમાં જે એક વખત આવી જાય એ સુરતી થઇ જાય છે. અધિકારીઓને પણ સુરતમાં કામ કરવાનું ગમે છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સુરતને નવી દિશામાં આગળ લઈ જવાની મને જે જવાબદારી સોંપી છે, તે સુરતના નાગરિકો સાથે મળીને પૂર્ણ કરવાની છે. હું તો માત્ર નિમિત છું, રાજ્ય સરકાર અને પ્રજા જે નક્કી કરે છે, તેને વાસ્તવિકતા આપવાની મારી જવાબદારી છે. શહેરના સર્વાંગી વિકાસ માટે કોલાબોરેટિવ એપ્રોચ ખૂબ જ જરૂરી છે એમ તેમણે ઉમેર્યું હતું.

સુરતમાં ડેપ્યુટી કમિશનર તરીકે અગાઉ ફરજ બજાવી ચૂકયો છું, અહીંથી નીકળ્યો ત્યારે સુરતનું બજેટ રૂ. ૪,૦૦૦ કરોડનું હતું, આજે રૂ. ૧૧,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. આ બદલાવ દર્શાવે છે કે સુરત હવે સ્માર્ટ સિટી ૨.૦ માટે તૈયાર છે. ગુજરાત સરકાર પણ સુરત ઈકોનોમિક રિજનનું આયોજન કરી રહી છે. સુરતમાં રિજીયોનલ ઈકોનોમિક ડેવલપમેન્ટ માટે જરૂરી ક્ષમતા છે. સુરતે હવે આસપાસના વિસ્તારોના વિકાસમાં પણ આગેવાની લેવાની છે.

તેમણે ઉમેર્યું હતું કે, સુરતના વિકાસમાં તેમણે સીધી કે આડકતરી રીતે ભૂમિકા ભજવી છે. સુરત પોલીસ સાથે ટ્રાફિક વ્યવસ્થાના મુદ્દે સંકલન સાધી લેવામાં આવ્યું છે. સુરતે અત્યાર સુધી જે સિદ્ધિઓ મેળવી છે, તેને ટકાવી રાખવી અને સાથે જ સુરતને આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ લઈ જવાનો પ્રયાસ કરવાનો છે.

આગામી પેઢીને આરોગ્ય, શિક્ષણ અને ઉચ્ચ જીવનધોરણની દૃષ્ટિએ શ્રેષ્ઠ તકો અને એડવાન્ટેજ આપવા પર ભાર મૂકતા તેમણે કહ્યું હતું કે, દુનિયા જે રીતે ઝડપથી બદલાઈ રહી છે, તે પ્રમાણે બાળકોમાં મજબૂત 'કોર માઈન્ડસેટ' વિકસાવવાની જરૂર છે. અભ્યાસક્રમમાં જ્યારે ફેરફાર થશે ત્યારે પણ સુરત મહાનગરપાલિકાની શાળાઓમાં વધારાના પ્રયત્નો કરીને બાળકોને ગુણવત્તાયુક્ત જ્ઞાન આપવામાં આવશે. ભારત સરકારની

નવી નીતિઓ અને લોકોની લાગણી સાથે આ પ્રયાસો ચોક્કસ સફળ થશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

શ્રી નાગરાજને જણાવ્યું હતું કે, ડીટીએસ (DTS) ફ્રેમવર્કમાં થોડો ગેપ છે, જેને પૂર્ણ કરવા પ્રયાસ કરાશે. ડી એટલે ડાયમંડ અને ટી એટલે ટેક્ષ્ટાઇલ, આ બે પીલર ખૂબ મજબૂત છે, પરંતુ હવે સ્ટાર્ટ-અપના પીલરને પણ મજબૂત કરવાની જરૂર છે. જ્યારે હું ડેપ્યુટી કમિશનર હતો ત્યારે સુરતમાં સ્ટાર્ટ-અપ કલ્ચર વિકસાવવાનો પ્રયાસ થયો હતો, જેમાં ચેમ્બરે પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. સ્કૂલ અને કોલેજોમાં કોમ્યુનિટી બનાવવાના પ્રયાસો પણ થયા હતા એમ તેમણે યાદ કરાવ્યું હતું.



**શ્રી એમ. નાગરાજન (IAS)**
**સુરતના મ્યુનિસિપલ કમિશનર**

સ્વચ્છતા અંગે શ્રી નાગરાજને જણાવ્યું હતું કે, એક મહિના સુધી વિશેષ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરી સુરતને ડસ્ટ ફ્રી બનાવવા માટે શોર્ટ ટર્મ અને લોન્ગ ટર્મ બંને પ્રકારના ઉપાયો અમલમાં મૂકવામાં આવશે. એર પોલ્યુશન ઘટાડવા માટે પણ ખાસ પ્રયાસ કરાશે. ધાર્મિક સ્થળો, ગાર્ડન, સરકારી કચેરીઓ તેમજ ઔદ્યોગિક એકમોમાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. માર્ચ મહિનામાં યોજનાર સર્વેક્ષણ માટે લોકોની સક્રિય ભાગીદારી જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું. 'સુરત શહેર મારું છે' આવો ભાવ દરેક નાગરિકમાં ઊભો કરવાનો છે તેમ કહીને તેમણે પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

સ્કીલ ડેવલપમેન્ટ અંગે તેમણે જણાવ્યું હતું કે, હવે અમલીકરણ પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. માસ સ્કિલિંગ અને ન્યૂ જનરેશન સ્કિલિંગ પર ફોકસ કરાશે. આ બધું લોકભાગીદારીથી જ શક્ય બનશે. ઉદ્યોગ સાહસિકો, પ્રોફેશનલ્સ, બુદ્ધિજીવીઓ, સમાજસેવકો અને નાગરિકોએ આ દિશામાં સક્રિય ફાળો આપવો પડશે એમ તેમણે કહ્યું હતું.

સુરતને એક મજબૂત બ્રાન્ડ બનાવવાની દિશામાં વિચાર રજૂ કરતા તેમણે કહ્યું કે, સુરતને બ્રાન્ડ બનાવે એવા કયા પ્રોજેક્ટ લઈ શકાય? કે જેનો લાભ સમગ્ર શહેરને થાય એવા સૂચનો પણ મને આપી શકાશે. સ્ટાર્ટ-અપ, ઇનોવેશન અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના ક્ષેત્રે સુરતની અલગ ઓળખ ઊભી કરવા ખાસ પ્રયાસ કરીશું. શહેરના વિકાસ માટે નાગરિકોના ઋણ ચૂકવવાનો પ્રયાસ કરીશ એમ તેમણે ઉમેર્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સમારોહમાં સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સમારોહનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ શ્રી એમ. નાગરાજનનો પરિચય આપ્યો હતો.

સુરતના નવ નિયુક્ત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજનના સ્વાગત સમારોહમાં ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા તથા ચેમ્બરના પૂર્વ પ્રમુખો શ્રી રાજેન્દ્ર ચોખાવાલા, શ્રી અશોક શાહ અને શ્રી હિમાંશુ બોડાવાલા, ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામા, ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઇઝર શ્રી હેમંત દેસાઇ અને ઉદ્યોગપતિ શ્રી ગિરિશ લુથરાએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.



# પોસ્ટ બજેટ એનાલિસિસ



## કેન્દ્રિય નાણાં મંત્રીએ સામાન્ય બજેટમાં TDS અને TCS માટે રેશનલાઈઝેશનની જોગવાઈઓ કરીને ટેક્સ સિસ્ટમને વધુ વ્યવહારુ બનાવી છે : એડવોકેટ શ્રી મુકેશ પટેલ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે પોસ્ટ બજેટ એનાલિસિસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અમદાવાદના જાણીતા એડવોકેટ શ્રી મુકેશ પટેલે યુનિયન બજેટનું વિશ્લેષણ કર્યું હતું.

એડવોકેટ શ્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રિય નાણાં મંત્રી દ્વારા લોકસભામાં રજૂ કરાયેલા સામાન્ય બજેટમાં TDS (ટીડીએસ) અને TCS (ટીસીએસ)ના નિયમોને વધુ સરળ અને સ્પષ્ટ બનાવવામાં આવ્યા છે. હવે એક જ લેવડદેવડ પર ડબલ ટેક્સ લાગશે નહીં, જે ઉદ્યોગ જગત અને કરદાતાઓ માટે રાહતભર્યું પગલું છે. નાણાં મંત્રીએ TDS અને TCS માટે રેશનલાઈઝેશનની જોગવાઈઓ કરીને ટેક્સ સિસ્ટમને વધુ વ્યવહારુ બનાવી છે.

તેમણે જણાવ્યું હતું કે, ઈન્કમ ટેક્સમાં પણ અનેક મહત્વપૂર્ણ



પ્રોવિઝન લાવવામાં આવ્યા છે. રિવાઇઝ રિટર્ન, અપડેટેડ રિટર્ન તેમજ રિટર્ન ફાઇલિંગ સંબંધિત જે નવા પ્રોવિઝન લાવવામાં આવ્યા છે, તેમાં અગાઉની જોગવાઈઓમાં પણ જરૂરી સુધારા કરવામાં આવ્યા છે.

નાણાં મંત્રીએ અપડેટેડ રિટર્ન બાબતે બે મહત્વપૂર્ણ સુધારા કર્યા છે. અત્યાર સુધી જો કોઈ કરદાતાએ લોસનું રિટર્ન ભર્યું હોય તો તે અપડેટેડ રિટર્ન ભરી શકતા ન હતા, પરંતુ હવે તેમાં સુધારો કરીને એવી જોગવાઈ કરવામાં આવી છે કે જો લોસમાં ઘટાડો થતો હોય તો લોસનું રિટર્ન પણ અપડેટ કરી શકાશે. લોસ ઘટાડીને અપડેટેડ રિટર્ન ભરવાની આ જોગવાઈ આવકારદાયક હોવાનું તેમણે જણાવ્યું હતું.



**શ્રી મુકેશ પટેલ**
**અમદાવાદના જાણીતા એડવોકેટ**

તેમણે કહ્યું હતું કે, અત્યાર સુધી રી-એસેસમેન્ટની નોટિસ આવી ગયા બાદ અપડેટેડ રિટર્ન ભરી શકાતા ન હતા, પરંતુ આ બાબતમાં પણ નાણાં મંત્રીએ કરદાતાઓને રાહત આપી છે. હવે ટેક્સ સિસ્ટમમાં પ્રિવિયસ ઇયર અને એસેસમેન્ટ ઇયરની પ્રક્રિયા દૂર કરવામાં આવશે અને માત્ર ફાઇનાન્શિયલ ઇયર જ લાગુ રહેશે.

ફાઇનાન્શિયલ ઇયર ૨૦૨૬-૨૭થી નવો કાયદો અમલમાં આવશે, આથી ટેક્સ પ્રોફેશનલ્સને હવે ૨૦૨૬-૨૭ બે રીતે સમજવું પડશે. ૧૯૬૧ના ઇન્કમ ટેક્સ એક્ટ મુજબનું એસેસમેન્ટ ઇયર અને ૨૦૨૫ના નવા ઇન્કમ ટેક્સ એક્ટ મુજબનું ફાઇનાન્શિયલ ઇયર એમ બંને વ્યવસ્થાને સમજવી આવનારા સમયમાં જરૂરી બનશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની ઇન્કમ ટેક્સ કમિટીના ચેરમેન સીએ પ્રજ્ઞેશ જગાશેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા તથા પૂર્વ પ્રમુખો શ્રી અમરનાથ ડોરા અને શ્રી રમેશ વઘાસિયા, ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. રહ્યા

# દેશના ગૌરવરૂપ પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત સુરતની પ્રતિષ્ઠિત વ્યક્તિઓના સન્માન માટે વિશિષ્ટ સન્માન સમારોહ



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે દેશના ગૌરવરૂપ પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત પ્રતિષ્ઠિત વ્યક્તિઓના સન્માન માટે વિશિષ્ટ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ તથા ડોનેટ લાઈફ સંસ્થાના સ્થાપક શ્રી નિલેશ માંડલેવાલાને પદ્મશ્રી પુરસ્કાર ઘોષિત થયા બાદ તેમના સન્માનમાં આ સમારોહ યોજાયો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં તમામ મહાનુભાવોને આવકારતા જણાવ્યું હતું કે, પદ્મશ્રી પુરસ્કાર પ્રાપ્ત કરનાર વ્યક્તિઓ સમાજ માટે પ્રેરણાસ્ત્રોત છે અને તેમનું સન્માન કરવું એ ચેમ્બર માટે ગૌરવની બાબત છે. આ પદ્મશ્રી સન્માન સમારોહ ચેમ્બર દ્વારા સમાજ, સેવા અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપનાર મહાનુભાવોને સન્માન આપવાનો એક સ્મરણિય પ્રયાસ બન્યો હતો.



**શ્રી નિખિલ મદ્રાસી**
**પ્રમુખ, ચેમ્બર**



**શ્રી નિલેશ માંડલેવાલા**
**પૂર્વ પ્રમુખ, ચેમ્બર અને ડોનેટ લાઈફના સ્થાપક**

આ સમારોહમાં વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ યોગદાન આપનાર પદ્મશ્રી વિભૂષિત મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૧૧માં પદ્મશ્રીથી સન્માનિત ડો. કનુભાઈ ટેલરનું સન્માન કરવામાં આવ્યું હતું. ડો. કનુભાઈ ટેલરે પોતાના પ્રતિભાવમાં જીવનના અનુભવો અને સમાજસેવા અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

વર્ષ ૨૦૧૪માં પદ્મશ્રીથી સન્માનિત શ્રી મથુરભાઈ સવાણીનું સન્માન કરવામાં આવ્યું હતું. પોતાના પ્રતિભાવ આપતા શ્રી મથુરભાઈ સવાણીએ સમાજ અને ખેડૂતો માટે કરેલા કાર્ય અંગે પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

વર્ષ ૨૦૨૦માં પદ્મશ્રીથી સન્માનિત શ્રી યઝદીભાઈ કરંજિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી યઝદીભાઈ કરંજિયાએ પોતાના પ્રતિભાવમાં સામાજિક જવાબદારી પર ભાર મૂકયો હતો.

વર્ષ ૨૦૨૨માં પદ્મશ્રીથી સન્માનિત શ્રી સવજીભાઈ ધોળકિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. ચેમ્બર દ્વારા તેઓને આપવામાં આવેલું વિશિષ્ટ સન્માન સ્વીકારવા શ્રી સવજીભાઇ વતિ તેમના ભાઇ શ્રી તુલસીભાઇ ધોળકિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ષે પદ્મશ્રી પુરસ્કાર માટે ઘોષિત થયેલા ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ડોનેટ લાઈફ સંસ્થાના સ્થાપક શ્રી નિલેશભાઈ માંડલેવાલાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી નિલેશ માંડલેવાલાએ પોતાના પ્રતિભાવમાં અંગદાન, સમાજસેવા અને માનવ જીવન બચાવવાની ભાવનાની વાત કરી અંગદાન કરવા પ્રેરણા આપી હતી.

શ્રી નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, પદ્મશ્રી પુરસ્કાર એ મારો નથી પણ જેમણે પોતાના અંગોનું દાન કર્યું છે એવા તમામ દાતાઓનું આ સન્માન છે. સાથે જ અંગદાન માટે સંમતિ આપનાર તેમના પરિવારજનો, સુરત પોલીસ, સુરત એરપોર્ટ ઓથોરિટી, તબીબી મિત્રો, પ્રેસ અને મીડિયા તેમજ અંગદાનની પવિત્ર પ્રવૃત્તિમાં જોડાયેલા તમામ વોલેન્ટિયર અને ડોનેટ લાઈફ સંસ્થાના સ્ટાફના મિત્રોનું આ ગૌરવભર્યું સન્માન છે. આ પુરસ્કાર સુરત શહેરનું અને સમગ્ર ગુજરાત રાજ્યનું સન્માન છે. ગુજરાતે સમગ્ર દેશને અને સુરતે ગુજરાતને અંગદાન ક્ષેત્રે નવી દિશા અને નવી પ્રેરણા આપી છે.

તેમણે જણાવ્યું હતું કે, અંગદાનના કારણે જેમને નવજીવન પ્રાપ્ત થાય છે, તેમના તથા તેમના પરિવારજનોના ચહેરા પર ઝળહળતી ખુશીથી મોટો કોઈ પુરસ્કાર હોઈ શકે નહીં. આ સન્માનથી તેમની જવાબદારી વધી છે. અંગદાનની પ્રવૃત્તિની શરૂઆતના કપરા સમયમાં જેમણે તેમને સાથ આપ્યો, માર્ગદર્શન આપ્યું અને પ્રેરણા આપી એવા મિત્રો તથા માર્ગદર્શકોને પણ તેમણે આ અવસરે યાદ કર્યા હતા.

**પદ્મશ્રી પુરસ્કાર માટે ઘોષિત થયેલા ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ડોનેટ લાઈફ સંસ્થાના સ્થાપક શ્રી નિલેશભાઇ માંડલેવાલાનું વિશેષ સન્માન કરાયું**

**વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ યોગદાન આપનાર અને પદ્મશ્રીથી સન્માનિત ડો. કનુભાઇ ટેલર, શ્રી મથુરભાઇ સવાણી, શ્રી યઝદીભાઇ કરંજિયા અને શ્રી સવજીભાઇ ધોળકિયાનું સન્માન કરાયું**

પદ્મશ્રી સન્માન સમારોહ દરમિયાન સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌત તથા ચેમ્બરના પૂર્વ પ્રમુખો શ્રી કમલેશ યાજ્ઞિક, શ્રી શરદચંદ્ર કાપડિયા અને શ્રી કેતન દેસાઇ તેમજ વડોદરાના ક્રાંતિકારી શ્રી માર્ગેયસ્મિત સ્વામીજી અને ચેમ્બરના સભ્ય શ્રીમતી રેશમાબેન માંડલેવાલાએ પદ્મશ્રીથી સન્માનિત મહાનુભાવોના યોગદાનને બિરદાવતા પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા હતા.

શ્રીમતી રેશમાબેન માંડલેવાલાએ જણાવ્યું હતું કે, નિલેશ માટે અંગદાનની પ્રક્રિયા માત્ર એક કાર્ય નથી, પરંતુ જીવનનું એક મિશન છે. આ પ્રક્રિયાને સફળ બનાવવા માટે તેમણે અનેક ત્યાગો અને સમર્પણ કર્યા છે. જ્યારે આપણે બીજાના માટે જીવીએ છીએ, ત્યારે જ આપણું જીવન સાચા અર્થમાં સાર્થક બને છે એવું તેઓ માને છે અને પરિવારના બધા જ સભ્યોને તેઓ આ જ શીખામણ પણ આપે છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, મને ગર્વ છે કે હું નિલેશ માંડલેવાલાની પત્ની છું.

પદ્મશ્રીથી સન્માનિત ડૉ. કનુભાઈ ટેલરના સન્માન પત્રનું વાંચન ચેમ્બરના ગ્રુપ ચેરમેન ડૉ. અનિલ સરાવગી દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી મથુરભાઈ સવાણીના સન્માન પત્રનું વાંચન ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કર્યું હતું. શ્રી યઝદીભાઈ કરંજિયાનું સન્માન પત્રનું વાંચન ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ કર્યું હતું. જ્યારે શ્રી સવજીભાઈ ધોળકિયાના સન્માન પત્રનું વાંચન ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કર્યું હતું. શ્રી નિલેશભાઇ માંડલેવાલાના સન્માન પત્રનું વાંચન ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ કર્યું હતું.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સન્માનિત મહાનુભાવો, વક્તાઓ, મહેમાનો અને ઉપસ્થિતોનો આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર્સ સેલ દ્વારા બિઝનેસ પ્રેઝન્ટેશન મિટિંગ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની વુમન આંત્રપ્રિન્યોર્સ સેલ (WEC) દ્વારા શુક્રવાર, તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે એમોર, સુરત ખાતે બિઝનેસ પ્રેઝન્ટેશન મિટિંગ વિથ ફીચર પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ વક્તા તરીકે પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, મારું મારું કરશો તો મરી જશો અને તારું તારું કરશો તો તરી જશો. તારું તારું કરશો તો તરી જવાની ઘટના એટલે નેટવર્કિંગ. તમે કોઇકને બિઝનેસ અપાવશો તો તે વ્યકિત તમને પણ બિઝનેસ અપાવવાનો પ્રયત્ન કરશેજ. આમ આપવાની ભાવના થકી કુદરતી રીતે તમારો પોતાનો બિઝનેસ પણ ન્યાયિક રીતે વધે જ છે.




**મહિલા ઉદ્યોગ સાહસિકોને સંબોધતા ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**

બિઝનેસમાં સફળતા માટે વકતા શ્રી નિખિલ મદ્રાસીએ કહ્યું હતું કે, આઉટ ઓફ બોકસ થિન્કિંગ કરો. તમે જે કામ કરો છો એને ગમતું કરવાનો પ્રયત્ન કરો. જીવનમાં તમારે તમારી લડાઇ એકલાએ જ લડવાની છે, માટે બીજાના પર કુદવાને બદલે પોતે જ આત્મનિર્ભર બનવાની કોશિષ કરો. કયારેય કોઈની ફોટોસ્ટેટ કોપી બનવાનું પસંદ નહીં કરો, જાતે જ બ્રાન્ડ બનો. જન્મ અને મૃત્યુ વચ્ચેની ઘટના એટલે જીવન, માટે જીવનની દરેક ક્ષણને માણો. વધુમાં તેમણે મહિલા ઉદ્યોગ સાહસિકોની ભૂમિકા અને અર્થતંત્રમાં તેમના યોગદાનને વખાણ્યું હતું તથા ચેમ્બર હંમેશા મહિલા ઉદ્યોગ સાહસિકોને પૂરતું માર્ગદર્શન અને સહયોગ આપતું રહેશે તેવી ખાત્રી આપી હતી.

ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર્સ સેલના ચેરપર્સન સુશ્રી અંકિતા વાલંદના સ્વાગત પ્રવચનથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. તેમણે વિમેન એમ્પાવરમેન્ટનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, સ્ત્રીઓમાં જે આંતરિક શકિતઓ ધરબાયેલી છે તેને વેગ આપવાનું કામ ચેમ્બરની વુમન આંત્રપ્રિન્યોર્સ સેલ કમિટી કરે છે. દરેક વ્યકિતને બિઝનેસની શરૂઆતમાં પ્લેટફોર્મની જરૂરિયાત હોય છે, ચેમ્બર પોતાના મહિલા સભ્યોને સશકત અને આત્મનિર્ભર બનાવવા માટે એક મજબુત પ્લેટફોર્મ આપ્યું છે અને તેનો લાભ સૌએ લેવો જોઈએ.

વુમન આંત્રપ્રિન્યોર્સ સેલના કો-ચેરપર્સન સુશ્રી મિનાક્ષી ભટનાગર દ્વારા પ્રથમ ફીચર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું, જેમાં તેમણે બિઝનેસ ગ્રોથ, પ્રેઝન્ટેશન સ્કિલ્સ અને મહિલા ઉદ્યોગ સાહસિકોના વિકાસ અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

સુશ્રી ધરા શાહ દ્વારા ૨૦૨૬ વિઝન બિઝનેસ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે કમિટીના સભ્યો માટે બીજું ફીચર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું, જેમાં ભવિષ્યના બિઝનેસ ટ્રેન્ડ્સ અને વ્યૂહરચનાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

વુમન આંત્રપ્રિન્યોર સેલના સભ્ય શ્રીમતી સ્વાતી શેઠવાલા દ્વારા મિટીંગમાં ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં મહિલા ઉદ્યોગ સાહસિકોમાં સકારાત્મક પ્રતિસાદ જોવા મળ્યો હતો.




**સુશ્રી અંકિતા વાલંદ - ચેરપર્સન, વુમન આંત્રપ્રિન્યોર્સ સેલ**

# મહિલાઓના આરોગ્ય અને હૃદય સ્વાસ્થ્ય અંગે અવેરનેસ સેશન




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરિઝ અંતર્ગત રવિવાર, તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'હેલ્ધી હાર્ટ એન્ડ વુમન્સ વેલનેસ' વિષય પર અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં મુખ્ય વકતા તરીકે આઈવીએફ અને ઈન્ફર્ટિલિટી સ્પેશિયાલિસ્ટ ડો. રવિન્દ્ર કોરાટે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સંબોધનમાં જણાવ્યું હતું કે, આજના ઝડપી જીવનમાં મહિલાઓનું આરોગ્ય અને હૃદય સ્વાસ્થ્ય બંને અત્યંત મહત્વપૂર્ણ છે અને આવી પ્રવૃત્તિઓ સમાજ માટે સમયની જરૂરિયાત છે. તેમણે કહ્યું હતું કે, ઉદ્યોગકારો અને કામદારો માટે આરોગ્ય જાગૃતિ ખૂબ જ આવશ્યક છે અને ચેમ્બર દ્વારા હેલ્થ સિરિઝ અંતર્ગત આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાઈ રહ્યું છે અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો કરવામાં આવશે.

આઈવીએફ અને ઈન્ફર્ટિલિટી સ્પેશિયાલિસ્ટ ડો. રવિન્દ્ર કોરાટે (MS-ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી) મહિલાઓમાં ફર્ટિલિટી સંબંધિત સમસ્યાઓ, હોર્મોનલ અસંતુલન, માતૃત્વ સ્વાસ્થ્ય તેમજ જીવનશૈલીમાં સુધારાની આવશ્યકતા પર વિશેષ ભાર મુકયો હતો. તેમણે હૃદયરોગના પ્રારંભિક લક્ષણો, જોખમકારક પરિબળો, નિયમિત ચેકઅપ અને સમયસર સારવારના મહત્વ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નિયમિત આરોગ્ય તપાસ, સંતુલિત આહાર, યોગ અને વ્યાયામ તેમજ માનસિક સ્વસ્થતા જાળવવાથી ફર્ટિલિટી તથા સર્વાંગી મહિલાઓના આરોગ્યમાં સુધારો શક્ય છે. મહિલાઓએ કોઈપણ આરોગ્ય સમસ્યાને અવગણ્યા વિના સમયસર તબીબી સલાહ લેવી જોઈએ, જેથી યોગ્ય નિદાન અને સારવાર દ્વારા આરોગ્ય સંબંધિત જટિલતાઓથી બચી શકાય.



**ડૉ. રવિન્દ્ર કોરાટ આઈવીએફ અને ઈન્ફર્ટિલિટી સ્પેશિયાલિસ્ટ**

ચેમ્બરની ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના ચેરમેન ડો. જગદીશ વઘાસિયાએ કાર્યક્રમની રૂપરેખા અને ઉદ્દેશ્ય વિષે માહિતી આપી હતી. ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના કો-ચેરમેન શ્રી નિખિલ વઘાસિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ અવેરનેસ સેશનમાં ચેમ્બરના સભ્યો, ઉદ્યોગ સાહસિકો, મહિલાઓ અને આરોગ્ય પ્રત્યે જાગૃત નાગરિકોએ હાજરી આપી હતી, આથી કાર્યક્રમને ખૂબ સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.

# બજેટ બાદ કોમોડિટી માર્કેટના ટ્રેન્ડ્સ અંગે 'ફ્રોમ બજેટ ટુ બુલિયન' સંદર્ભે સેશન




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ફ્રોમ બજેટ ટુ બુલિયન - અન્ડરસ્ટેન્ડીંગ કોમોડિટી માર્કેટ ટ્રેન્ડ્સ પોસ્ટ બજેટ ૨૦૨૬' વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં બજેટ ૨૦૨૬ બાદ કોમોડિટી માર્કેટમાં થતા ફેરફારો, ખાસ કરીને બુલિયન, ધાતુઓ અને અન્ય કોમોડિટીઝના ભાવ ટ્રેન્ડ્સ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જેમાં જાણીતા માર્કેટ એક્ષ્પર્ટ શ્રી દેવેન ચોક્સીએ રોકાણકારોને કોમોડિટી માર્કેટ સંદર્ભે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, બજેટ બાદ કોમોડિટી માર્કેટમાં થતી હલચલને સમજીને યોગ્ય નિર્ણય લેવું ઉદ્યોગકારો, રોકાણકારો અને વેપારીઓ માટે અત્યંત જરૂરી છે. વૈશ્વિક પરિસ્થિતિ, સરકારી નીતિઓ અને બજેટના નિર્ણયો કોમોડિટી માર્કેટ પર સીધી અસર કરે છે, જેને સમજવા માટે આવા સેમિનાર સમયની માંગ છે.

ડીઆરચોક્સી ફિનસર્વ પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેક્ટર અને પ્રખ્યાત માર્કેટ એક્ષ્પર્ટ શ્રી દેવેન ચોક્સીએ રોકાણકારોને કોમોડિટી માર્કેટની પરિસ્થિતિ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે બજેટ ૨૦૨૬ બાદ બુલિયન, સોના-ચાંદી, ધાતુઓ અને એનર્જી કોમોડિટીઝના ભાવોમાં શક્ય ટ્રેન્ડ્સ, વૈશ્વિક અર્થવ્યવસ્થા, વ્યાજદરો, મોંઘવારી અને જીઓ-પોલિટિકલ પરિસ્થિતિના પ્રભાવ અંગે ઊંડાણપૂર્વક વિશ્લેષણ રજૂ કર્યું હતું.

શ્રી ચોક્સીએ જણાવ્યું હતું કે, કોમોડિટી માર્કેટમાં રોકાણ કરતી વખતે લાંબા ગાળાની દૃષ્ટિ, જોખમ વ્યવસ્થાપન અને યોગ્ય માહિતી આધારિત નિર્ણય અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે ઉદ્યોગકારો અને રોકાણકારોને માર્કેટના ભાવોમાં ઉતાર-ચડાવ વચ્ચે સંતુલિત વ્યૂહરચના અપનાવવાની સલાહ આપી હતી.

આ સેમિનારમાં ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, કમિટીના સભ્યો, રોકાણકારો અને ફાયનાન્સ પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઈઝર શ્રી કેતન દલાલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સેશન દરમિયાન પ્રશ્નોત્તરી સત્રમાં ઉપસ્થિતોએ બજાર સંબંધિત વિવિધ પ્રશ્નો પુછયા હતા, જેના સંતોષકારક જવાબ શ્રી દેવેન ચોક્સીએ આપ્યા હતા.




**રોકાણકારોને સંબોધતા પ્રખ્યાત માર્કેટ એક્ષ્પર્ટ શ્રી દેવેન ચોક્સી**

# ચેમ્બર ઓફ કોમર્સ અને સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલ દ્વારા પ્રોડક્ટિવિટી સાથે પ્રગતિ કાર્યક્રમ શ્રેણીનો ત્રીજો એપિસોડ યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે પ્રોડક્ટિવિટી સાથે પ્રગતિ કાર્યક્રમ શ્રેણી – સીઝન એકનો ત્રીજો એપિસોડ શનિવાર, તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૪૫ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે યોજાયો હતો, જેમાં પ્રોડક્ટિવિટી અને બિઝનેસ એક્સલન્સ નિષ્ણાત ડૉ. રાકેશ દોશીએ TOC Way of Productivity વિષય પર વિશેષ માર્ગદર્શન આપ્યું હતું.

સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલના પ્રમુખ શ્રી નિરવ રાણાએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક વ્યવસાયિક માહોલમાં પ્રોડક્ટિવિટી માત્ર વિકલ્પ નહીં પરંતુ આવશ્યકતા બની ગઈ છે. પ્રોડક્ટિવિટી વધારવા માટે યોગ્ય સિસ્ટમ, વિચારધારા અને અમલ અત્યંત મહત્વપૂર્ણ છે.

પ્રોડક્ટિવિટી અને બિઝનેસ એક્સલન્સ નિષ્ણાત ડૉ. રાકેશ દોશીએ ઉદ્યોગ સાહસિકોને TOC (Theory of Constraints) Way of Productivity વિષયને સરળ અને વ્યવહારુ ઉદાહરણો સાથે સમજાવ્યો હતો.



**ડૉ. રાકેશ દોશી**
**પ્રોડક્ટિવિટી અને બિઝનેસ એક્સલન્સ નિષ્ણાત**

તેમણે જણાવ્યું હતું કે, દરેક સંસ્થા કે વ્યવસાયમાં કેટલીક મર્યાદાઓ (Constraints) હોય છે અને એ મર્યાદાઓ ઓળખીને તેનું યોગ્ય સંચાલન કરવામાં આવે તો પ્રોડક્ટિવિટી અને નફાકારકતા બંનેમાં નોંધપાત્ર વધારો શક્ય બને છે. તેમણે TOCના સિદ્ધાંતોને બિઝનેસ પ્રક્રિયામાં કેવી રીતે અમલમાં મૂકવા તે અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના ગૃપ ચેરમેન ડૉ. અનિલ સરાવગીએ કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ શ્રેણીનો હેતુ ઉદ્યોગ સાહસિકો, પ્રોફેશનલ્સ અને એમએસએમઈને આધુનિક મેનેજમેન્ટ ટૂલ્સ અને પ્રોડક્ટિવિટી કન્સેપ્ટ્સથી અવગત કરાવવાનો છે, જેથી તેઓ પોતાના વ્યવસાયને વધુ અસરકારક અને સસ્ટેનેબલ બનાવી શકે.

સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલના પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદ કાપડિયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને સંસ્થાના સભ્યોએ હાજરી આપી હતી અને સેશનને અત્યંત ઉપયોગી તથા પ્રેરણાદાયક ગણાવ્યો હતો.

# ફ્રોડને સમજવા, ઓળખવા અને અટકાવવા અંગે ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'વિન્ડો ટુ ધ વર્લ્ડ ઓફ ફ્રોડ' વિષય પર મહત્વપૂર્ણ અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ડિજિટલ ટ્રાન્ઝેકશન અને ગ્લોબલ બિઝનેસ વધતા જતા, ફ્રોડના પ્રકારો પણ વધુ સુક્ષ્મ અને જોખમી બની રહ્યા છે. આવા સમયમાં ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને સંસ્થાઓ માટે ફ્રોડ અંગે જાગૃતિ અને સચેતતા અનિવાર્ય બની ગઈ છે.

આ અવેરનેસ સેશનમાં CDIMS - મુંબઈ અને સિંગાપુરની નિષ્ણાત ટીમ દ્વારા વિશેષ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. ટીમના સભ્યો CA જતીન ઝવેરી, CA રાજન ગુપ્તે, CA અમિત અગરવાલ અને શ્રી ધ્વનિલ ઝવેરીએ ફ્રોડના વિવિધ સ્વરૂપો, રિયલ લાઈફ કેસ સ્ટડીઝ, ફ્રોડ ઓળખવાની પ્રારંભિક નિશાનીઓ તેમજ ફ્રોડ અટકાવવા માટે અપનાવવાની વ્યૂહરચનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ખાસ કરીને ડિજિટલ ફ્રોડ, સાઈબર ફ્રોડ, ઈન્વેસ્ટમેન્ટ સ્કેમ અને ઈન્ટરનલ ફ્રોડ અંગે વિસ્તૃત જાણકારી આપી વ્યવસાયિકોને ફ્રોડથી બચવા સચેત કર્યા હતા.

નિષ્ણાંતોએ વધુમાં જણાવ્યું હતું કે, આજના સમયમાં ફ્રોડ માત્ર મોટા વ્યવસાય પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ નાના



**CA જતીન ઝવેરી**



**CA રાજન ગુપ્તે**



**CA અમિત અગરવાલ**



**શ્રી ધ્વનિલ ઝવેરી**

અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) પણ તેના ગંભીર ભોગ બની રહ્યા છે. યોગ્ય આંતરિક નિયંત્રણ વ્યવસ્થા, નિયમિત ઓડિટ, કર્મચારીઓમાં જાગૃતિ અને ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરીને મોટા ભાગના ફ્રોડને શરૂઆતના તબક્કામાં જ અટકાવી શકાય છે. સાથે જ, કોઈપણ શંકાસ્પદ વ્યવહારને અવગણ્યા વિના તરત તપાસ કરવી અને નિષ્ણાતોની સલાહ લેવી અત્યંત જરૂરી છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ તમામ વક્તાઓ, મહેમાનો તેમજ ભાગ લેનારાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આવા જાગૃતિપૂર્ણ કાર્યક્રમો દ્વારા ચેમ્બર ઉદ્યોગ જગતને સુરક્ષિત, જાણકાર અને મજબૂત બનાવવા સતત પ્રયત્નશીલ છે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સી.એ. મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, આ સેશનનો હેતુ સભ્યોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે થતાં વિવિધ પ્રકારના ફાયનાન્શિયલ અને બિઝનેસ ફ્રોડ અંગે સમજ આપવાનો તેમજ તેમાંથી બચવા માટેના પ્રેક્ટિકલ ઉપાયો અંગે માર્ગદર્શન આપવાનો હતો.

આ સેશનમાં ચેમ્બરની લેડીઝ વીંગના વાઈસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસી, ચેમ્બરની ડિજિટલ માર્કેટીંગ કમિટીના કો-ચેરમેન શ્રી મંથન મદ્રાસી, ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ, પ્રોફેશનલ્સ અને ચેમ્બરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા તથા કાર્યક્રમને અત્યંત ઉપયોગી તથા માર્ગદર્શક ગણાવ્યો હતો.

## એન્ડોમેટ્રિઓસિસ અને એગ ફ્રીઝિંગ વિષે જાગૃતિ સેશન




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મહિલાઓના સ્વાસ્થ્ય સંબંધિત મહત્વપૂર્ણ વિષયો અંગે જાગૃતિ ફેલાવવાના હેતુસર હેલ્થ સિરિઝ અંતર્ગત રવિવાર, તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે એન્ડોમેટ્રિઓસિસ અને એગ ફ્રીઝિંગ વિષય પર વિશેષ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના જણાવ્યું હતું કે, મહિલાઓના આરોગ્ય વિષયક પ્રશ્નો અંગે સમાજમાં હજુ પણ પૂરતી જાગૃતિ નથી. એન્ડોમેટ્રિઓસિસ અને એગ ફ્રીઝિંગ જેવા વિષયો પર સમયસર માહિતી અને માર્ગદર્શન મળવાથી મહિલાઓ યોગ્ય નિર્ણય લઈ શકે છે અને તેમના ભવિષ્યને વધુ સુરક્ષિત બનાવી શકે છે.

એન્ડોમેટ્રિઓસિસ સર્જન ડો. સ્મીત પટેલે જણાવ્યું હતું કે, એન્ડોમેટ્રિઓસિસને ઘણી વખત સામાન્ય માસિક પીડા સમજીને અવગણવામાં આવે છે, જેના કારણે રોગ લાંબા સમય સુધી ઓળખાઈ શકતો નથી. યોગ્ય નિદાન માટે સમયસર તબીબી તપાસ, અલ્ટ્રાસાઉન્ડ અથવા જરૂરી હોય ત્યાં એડવાન્સ ડાયગ્નોસ્ટિક પદ્ધતિઓ અપનાવવી જરૂરી છે. આધુનિક મેડિકલ પદ્ધતિઓ દ્વારા આજે એન્ડોમેટ્રિઓસિસની સારવાર અને નિયંત્રણ શક્ય છે, જેના કારણે મહિલાઓના જીવનની ગુણવત્તા અને ફર્ટિલિટીમાં સુધારો આવી શકે છે. વધુમાં તેમણે એન્ડોમેટ્રિઓસિસના લક્ષણો, નિદાન અને આધુનિક સારવાર પદ્ધતિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી.

કન્સલ્ટન્ટ ઓબ્સ્ટેટ્રિશન અને ઈન્ફર્ટિલિટી સ્પેશ્યાલિસ્ટ ડો. શૈજુ પટેલે એગ ફ્રીઝિંગ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, એગ ફ્રીઝિંગ મહિલાઓને તેમની પ્રજનન



**ડૉ. સ્મીત પટેલ**
**એન્ડોમેટ્રિઓસિસ સર્જન**

ક્ષમતાને ભવિષ્ય માટે સુરક્ષિત રાખવાનો વિકલ્પ આપે છે, ખાસ કરીને જ્યારે લગ્ન, માતૃત્વ અથવા આરોગ્ય સંબંધિત નિર્ણયો મોડા લેવાતા હોય. યોગ્ય ઉંમરે અને નિષ્ણાતની સલાહ હેઠળ એગ ફ્રીઝિંગ કરવામાં આવે તો સફળતાની સંભાવના વધુ રહે છે. સાથે જ, આ પ્રક્રિયા સુરક્ષિત અને વૈજ્ઞાનિક રીતે માન્ય છે, જે મહિલાઓને પોતાની કારકિર્દી અને પરિવાર આયોજન અંગે આત્મવિશ્વાસપૂર્વક નિર્ણય લેવા માટે સશક્ત બનાવે છે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સી.એ. મિતિષ મોદીએ વક્તાઓનો પરિચય કરાવ્યો હતો અને આવા આરોગ્યલક્ષી કાર્યક્રમો દ્વારા ચેમ્બર સમાજહિતમાં પોતાની ભૂમિકા નિભાવતું હોવાનું જણાવ્યું હતું.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરપર્સન ડૉ. સોનિયા ચંદાનીએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, એન્ડોમેટ્રિઓસિસ જેવી સમસ્યા ઘણી મહિલાઓમાં હોય છે, પરંતુ તેની યોગ્ય ઓળખ અને સારવાર સમયસર થતી નથી. આ સેશનનો મુખ્ય હેતુ મહિલાઓને તેમના શરીર, લક્ષણો અને ઉપલબ્ધ મેડિકલ વિકલ્પો અંગે માહિતગાર કરવાનો હતો.

આ કાર્યક્રમમાં મહિલાઓ, પ્રોફેશનલ્સ અને ચેમ્બરના સભ્યોએ હાજરી આપી હતી. સેશન દરમિયાન ઉપસ્થિત મહિલાઓએ પ્રશ્નો પુછીને પોતાની શંકાઓનું નિવારણ કર્યું હતું અને કાર્યક્રમને માહિતીસભર ગણાવ્યો હતો.



**ડૉ. શૈજુ પટેલ**
**કન્સલ્ટન્ટ ઓબ્સ્ટેટ્રિશન અને ઈન્ફર્ટિલિટી સ્પેશ્યાલિસ્ટ**

# ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા વિવિધ ઉદ્યોગોમાં ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ્સ




સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ઈન્ડસ્ટ્રીયલ ટુર કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલા, કો-ચેરમેન શ્રી ચેતન શેઠ સહિત ચેમ્બરના સભ્યોના પ્રતિનિધિ મંડળે વિવિધ ઉદ્યોગ ક્ષેત્રોની કાર્યપદ્ધતિ, નવીન ટેકનોલોજી, ગુણવત્તા નિયંત્રણ અને વ્યવસાયિક પ્રક્રિયાઓ અંગે પ્રત્યક્ષ માહિતી પ્રાપ્ત થાય તે હેતુસર જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન વિવિધ પ્રતિષ્ઠિત ઉદ્યોગોમાં ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ્સ કરી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે તા. ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પદ્મા પલ્સ પ્રોસેસર્સ પ્રા. લિ. ખાતે ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી હતી. આ મુલાકાત દરમિયાન દાળ પ્રોસેસિંગ ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાતી આધુનિક મશીનરી, ગુણવત્તા નિયંત્રણ પ્રક્રિયા, સ્ટોરેજ સિસ્ટમ તેમજ નિકાસ માટે અપનાવવામાં આવતી પદ્ધતિઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ જ દિવસે ચેમ્બરના પ્રતિનિધિ મંડળે બાલાજી એગ્રો પ્રોડક્ટ્સ પ્રા. લિ. ખાતે પણ ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી હતી. અહીં કૃષિ આધારિત ઉત્પાદનોના પ્રોસેસિંગ, પેકેજિંગ, સપ્લાય ચેઈન મેનેજમેન્ટ તથા માર્કેટિંગ સ્ટ્રેટેજી વિશે ઉદ્યોગ નિષ્ણાતોએ




વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. ચેમ્બરના સભ્યોને ઉદ્યોગના પડકારો અને તકો અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે સહજાનંદ ટેકનોલોજીઝ પ્રા. લિ. તથા થ્રીડી એક્સેલન્સ સેન્ટર ખાતે ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન કર્યું હતું. આ મુલાકાત દરમિયાન અદ્યતન મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજી, થ્રીડી ડિઝાઈન, પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ, ઓટોમેશન અને ઈન્ડસ્ટ્રી ૪.૦ સંબંધિત નવીન અભિગમ અંગે વિસ્તૃત પ્રસ્તુતિ આપવામાં આવી હતી. ચેમ્બરના સભ્યોને ભવિષ્યના ઉદ્યોગ વિકાસ માટે ટેકનોલોજીના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આવા ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કાર્યક્રમો દ્વારા ઉદ્યોગકારો અને યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રાયોગિક જ્ઞાન મળે છે તેમજ ઉદ્યોગ-ઉદ્યોગ વચ્ચે સંવાદ અને સહકારની નવી તકો ઊભી થાય છે. ભવિષ્યમાં પણ આવા જ માહિતીસભર અને ઉપયોગી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

# મુંબઇ ખાતે ટેક્ષ્ટાઈલ કમિશનર સુશ્રી વૃંદા દેસાઇ (IRS) સમક્ષ વિવિધ મુદ્દાઓને લઇ રજૂઆત



**ભારતના ટેક્ષ્ટાઇલ કમિશનર સુશ્રી વૃંદા દેસાઇ (IRS)ને રજૂઆત કરતી વખતે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને સાથે ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી અને ચેમ્બરની ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના એડવાઈઝર શ્રી એસ.પી. વર્મા**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાના નેજા હેઠળ ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ચેમ્બરની ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશીષ ગુજરાતી અને ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના એડવાઇઝર શ્રી એસ.પી. વર્મા સહિતના પ્રતિનિધિ મંડળે ગતરોજ મુંબઇ ખાતે ભારતના ટેક્ષ્ટાઇલ કમિશનર સુશ્રી વૃંદા મનોહર દેસાઇ (IRS)ને રૂબરૂ મળીને મહત્વના વિવિધ મુદ્દાઓ સંદર્ભે રજૂઆત કરી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે રજૂઆત કરી હતી કે, ભારત સરકાર દ્વારા હાલમાં જ બજેટમાં લેબર ઇન્ટેન્સીવ ટેક્ષ્ટાઇલ સેકટર માટે ઇન્ટીગ્રેટેડ પ્રોગ્રામની જાહેરાત કરી છે, જેમાં ટ્રેડિશનલ ટેક્ષ્ટાઇલ ક્લસ્ટરને ટેકનોલોજી અપગ્રેડેશન માટે કેપિટલ સપોર્ટ આપવાની વાત કરી છે. ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ટેક્ષ્ટાઇલ કમિશનરને જણાવ્યું હતું કે, આ સ્કીમ અંતર્ગત નવી ટીટીડીએસ (ટેક્ષ્ટાઇલ ટેકનોલોજી ડેવલપમેન્ટ સ્કીમ) સ્કીમ અથવા તો એ-ટફ સ્કીમ આપવામાં આવે.

ભારત સરકાર દ્વારા ટેક્ષ્ટાઇલ ઇકો ઇનિશિએટીવ્ઝની જાહેરાત કરવામાં આવી છે, જેના અંતર્ગત પણ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સુરત જેવા મોટા ટેક્ષ્ટાઇલ ક્લસ્ટરને સસ્ટેનેબલ મેન્યુફેકચરિંગ પ્રેકિટસિસ અને વોટર મેનેજમેન્ટ (સીઇટીપી) ક્ષેત્ર માટે સ્પેશિયલ ફંડ અને સ્કીમની માંગણી કરી હતી.

સુરત નજીક નવસારી પાસે ફાળવવામાં આવેલા પીએમ મિત્રા પાર્કની ગતિવિધિ વધે તે હેતુથી બાંધકામ પ્રક્રિયા તાત્કાલિક ધોરણે આગળ વધે તે માટે પ્રયાસો કરવા રજૂઆત કરવામાં આવી હતી.

આ ઉપરાંત, સુરત જેવા મોટા ટેક્ષ્ટાઇલ ક્લસ્ટરમાં ઉત્પાદનની ગુણવત્તા સુધરે, એમ.એમ.એફ.નું પ્રોડકશન વધે અને એક્ષ્પોર્ટ માર્કેટમાં પરફોર્મન્સ સારું બને તે માટે ચેમ્બર ખાતે કોમન ફેસિલિટી સેન્ટર એસ્ટાબ્લિશ થાય તેવી માંગણી પણ ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા ટેક્ષ્ટાઇલ કમિશનર સમક્ષ કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા ટેક્ષ્ટાઇલ કમિશનર સમક્ષ વિવિધ મુદ્દાઓ અંગે કરાયેલી વિગતવાર રજૂઆતોને ટેક્ષ્ટાઇલ કમિશનર સુશ્રી વૃંદા દેસાઇએ શાંતિપૂર્વક સાંભળી હતી અને ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સરકાર ઉદ્યોગ જગતના હિતોને પ્રાથમિકતા આપે છે અને ટેક્ષ્ટાઇલ ક્ષેત્રના વિકાસ માટે જરૂરી તમામ સહકાર આપવા પ્રતિબદ્ધ છે.

ટેક્ષ્ટાઇલ કમિશનરે વધુમાં કહ્યું હતું કે, ચેમ્બર દ્વારા રજૂ કરવામાં આવેલા મુદ્દાઓ પર વિચારણા કરી સંબંધિત વિભાગો સાથે સંકલન સાધી યોગ્ય નિર્ણયો લેવાશે. ટેક્ષ્ટાઇલ ક્ષેત્રને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે નવી નીતિઓ, ટેકનોલોજી અપગ્રેડેશન અને નિકાસ પ્રોત્સાહન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. અંતમાં તેમણે ચેમ્બર અને ઉદ્યોગકારો સાથે સતત સંવાદ જાળવી સહકારપૂર્વક કાર્ય કરવાની લાગણી વ્યક્ત કરી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ કમિશનર સુશ્રી વૃંદા દેસાઇને આગામી તા. ૨૫ અને ૨૬ ફેબ્રુઆરીના રોજ સુરતની મુલાકાત માટે ચેમ્બર દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હતું, જે તેમણે સહર્ષ સ્વીકાર્યું છે. ટેક્ષ્ટાઇલ કમિશનર બે દિવસ દરમ્યાન સુરતના ઉદ્યોગોની મુલાકાત લેશે અને ઉદ્યોગના વિવિધ પ્રશ્નોને સાંભળશે. તેમણે ઉદ્યોગના દરેક સેગમેન્ટની રૂબરૂ મુલાકાત લેવાની ઇચ્છા દર્શાવી હતી.

## ફાઇનાન્સિયલ પ્લાનિંગ વિષે લાઇવ પ્રેક્ટિકલ વર્કશોપ



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ફાઈનાન્સિયલ પ્લાનિંગ વિષે લાઈવ પ્રેક્ટિકલ વર્કશોપ યોજાયો હતો, જેમાં મુખ્ય વક્તા તરીકે પિરામિડ વેલ્થ ડિસ્ટ્રિબ્યુટર્સના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ અને પિરામિડ સ્ટ્રેટેજિક એડવાઈઝર્સના સીઈઓ CMA શ્રી જૈમિન શેઠે પ્રેક્ટિકલ ઉદાહરણો દ્વારા વ્યક્તિગત નાણાકીય આયોજનના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.


CMA શ્રી જૈમિન શેઠ

મુખ્ય વકતા CMA શ્રી જૈમિન શેઠે પ્રેક્ટિકલ ઉદાહરણો દ્વારા બજેટિંગ, ઈમરજન્સી ફંડ, ઈન્શ્યોરન્સ કવર, વિવિધ રોકાણ વિકલ્પો, એસેટ એલોકેશન અને લાંબા ગાળાના સંપત્તિ નિર્માણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને તેમણે યુવાનોને વહેલી વયે નાણાકીય આયોજન શરૂ કરવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું હતું કે, ડિસિપ્લિન અને લાંબા ગાળાનું પ્લાનિંગ સફળ નાણાકીય આયોજનના બે મુખ્ય સ્તંભ છે. રોકાણકારોએ ટૂંકાગાળાના લાભની લાલચમાં ખોટા નિર્ણયો લેવાથી બચવું જોઈએ અને પોતાની જોખમ લેવાની સહનશક્તિ અનુસાર રોકાણ કરવું જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે, ફાઈનાન્સિયલ પ્લાનિંગ માત્ર પૈસા બચાવવાનો વિષય નથી, પરંતુ જીવનના વિવિધ તબક્કાઓ માટે સુવ્યવસ્થિત આયોજન કરવાની પ્રક્રિયા છે. યોગ્ય આયોજન દ્વારા વ્યક્તિ આર્થિક અનિશ્ચિતતાઓનો સામનો આત્મવિશ્વાસ સાથે કરી શકે છે. આજના સમયમાં વધતી મોંઘવારી અને બદલાતી આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુવ્યવસ્થિત રોકાણ અને નિયમિત રિવ્યૂ અત્યંત જરૂરી છે. માત્ર આવક વધારવી પૂરતી નથી, પરંતુ યોગ્ય દિશામાં રોકાણ કરીને સંપત્તિનું સર્જન કરવું મહત્વનું છે.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો-ચેરમેન શ્રી હાશિમ યાકૂબઅલીએ વકતાનો પરિચય આપ્યો હતો. કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઈઝર શ્રી કેતન દલાલે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

આ કાર્યક્રમમાં ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગી, ઉદ્યોગ સાહસિકો, રોકાણકારો અને યુવાનો ઉત્સાહભેર હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સભ્યો સાથે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેમાં ફાઈનાન્સિયલ પ્લાનિંગ સંબંધિત વિવિધ પ્રશ્નોના વકતાએ જવાબો આપી ઉપસ્થિતોને માર્ગદર્શન આપ્યું હતું.

# ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ ૨૦૨૩ વિષે અવેરનેસ અને ટ્રેઈનીંગ વર્કશોપ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ ૨૦૨૩' વિષે અવેરનેસ અને ટ્રેઈનીંગ વર્કશોપ યોજાયો હતો, જેમાં નિષ્ણાંત વકતા તરીકે એસ.આર.એ. લિગલના એસોસિએટ પાર્ટનર શ્રી કૃષ્ણ અગ્રવાલે અને સ્પોર્ટા ટેકનોલોજીસ પ્રા. લિ.ની



સીએ શ્રી મિતિષ મોદી
માનદ્ ખજાનચી, ચેમ્બર




સુશ્રી રિતિકા દાસ



શ્રી કૃષ્ણ અગ્રવાલ

સિનિયર લીગલ મેનેજર સુશ્રી રિતિકા દાસે ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પણ ડિજિટલ ઇન્ડિયા પ્લેટફોર્મ રજૂ કર્યું હતું અને એના માટે પણ ડેટા મુખ્ય સોર્સ છે. ડેટા કોન્ફિડેન્શિયલ, ટ્રાન્સપરન્ટ અને ઇમ્પાર્શિયલ હોય છે, આથી તેનું મહત્વ ઘણું વધી જાય છે. ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ, ૨૦૨૩ અમલમાં આવતા ડેટા સુરક્ષા કાયદાની સમજ અને પાલન દરેક ઉદ્યોગ અને સંસ્થાઓ માટે અનિવાર્ય બન્યું છે.

એસ.આર.એ. લિગલના એસોસિએટ પાર્ટનર શ્રી કૃષ્ણ અગ્રવાલે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ, ૨૦૨૩ની મુખ્ય જોગવાઈઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પર્સનલ ડેટાની વ્યાખ્યા સમજાવતા જણાવ્યું હતું કે, ડિજિટલ માધ્યમ દ્વારા એકત્રિત થતી વ્યક્તિગત માહિતીનું સંરક્ષણ કરવું આજના સમયમાં અત્યંત જરૂરી બન્યું છે, જેમાં ડેટા પ્રિન્સિપલના અધિકારો, ડેટા ફિડ્યુશિયરી (ડેટા એકત્રિત અને પ્રોસેસ કરનાર સંસ્થાઓ) તેમજ સિગ્નિફિકન્ટ ડેટા ફિડ્યુશિયરી જેવી વિશેષ કેટેગરી જેમ કે બેંકો અને મોટા કોર્પોરેટ્સ વિશે સ્પષ્ટતા કરી હતી. આ કેટેગરી હેઠળ આવતી સંસ્થાઓ પર વધારાની જવાબદારીઓ લાગુ પડે છે.

તેમણે ડેટા પ્રોટેક્શન બોર્ડ અંગે પણ વિગતવાર સમજણ આપતા જણાવ્યું હતું કે, ડેટા પ્રોટેક્શન બોર્ડ કાયદાનું અમલીકરણ અને નિયમન કરતી ઓથોરિટી છે, જેને કાયદાના ઉલ્લંઘન બદલ દંડ ફટકારવાની સત્તા આપવામાં આવી છે. કાયદા હેઠળ ભારે પેનલ્ટીની જોગવાઈઓ છે, તેથી સંસ્થાઓએ નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે.

તેમણે દંડની જોગવાઈઓ સાથે સંસ્થાઓએ અપનાવવાના પ્રાયોગિક પગલાં જેમ કે ડેટા પ્રોટેક્શન નીતિ તૈયાર કરવી, આંતરિક નિયંત્રણ વ્યવસ્થા મજબૂત બનાવવી, ડેટા સિક્યુરિટી મિકેનિઝમ અમલમાં મુકવી અને સમયસર અનુપાલન સુનિશ્ચિત કરવા વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ઉદ્યોગ સાહસિકોને સમયસર જરૂરી નીતિઓ અને પ્રક્રિયાઓ અમલમાં મુકવા અનુરોધ કર્યો હતો.

સ્પોર્ટા ટેકનોલોજીસ પ્રા. લિ.ની સિનિયર લીગલ મેનેજર સુશ્રી રિતિકા દાસે કોર્પોરેટ સ્તરે ડેટા ગવર્નન્સ, આંતરિક નિયંત્રણો અને રિસ્ક મેનેજમેન્ટ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રેક્ટિકલ કેસ સ્ટડીઝ દ્વારા સમજાવ્યું કે ડિજિટલ પ્લેટફોર્મ પર વ્યક્તિગત માહિતીનું સંચાલન કરતી સંસ્થાઓએ પારદર્શકતા અને સુરક્ષાને પ્રાથમિકતા આપવી જરૂરી છે.

તેમણે પ્રેક્ટિકલ કેસ સ્ટડીઝના ઉદાહરણો દ્વારા સમજાવ્યું હતું કે, કોઈપણ કંપની કે સંસ્થા બિનજરૂરી વ્યક્તિગત માહિતી એકત્રિત કરી શકતી નથી. ડેટા એકત્રિત કરતી વખતે મિનિમમ જરૂરી ડેટાનો સિદ્ધાંત અપનાવવો જરૂરી છે. એટલે કે, પ્રોડક્ટ અથવા સર્વિસ માટે જેટલો જરૂરી હોય એટલો જ સ્પષ્ટ અને સંબંધિત ડેટા લેવો જોઈએ. સાથે જ નાગરિકોએ પણ બિનજરૂરી વ્યક્તિગત માહિતી આપવાથી દૂર રહેવું જોઈએ.

સુશ્રી દાસે જણાવ્યું હતું કે, કેટલીક કંપનીઓ ઓનલાઈન ફોર્મ અથવા ચેક બોકસમાં અગાઉથી જ ટિકમાર્ક લગાવીને સંમતિ દર્શાવે છે, જે યોગ્ય પદ્ધતિ નથી. સંમતિ સ્પષ્ટ, સ્વૈચ્છિક અને જાણકારીપૂર્વક હોવી આવશ્યક છે. કોઈપણ કંપની અથવા સંસ્થા વ્યક્તિગત ડેટા આપવા માટે વ્યક્તિ પર દબાણ કરી શકતી નથી. વધુમાં તેમણે કહ્યું કે, ડેટા સુરક્ષા માત્ર કાયદાકીય ફરજ નહીં પરંતુ સંસ્થાની નૈતિક જવાબદારી પણ છે. યોગ્ય ડેટા મેનેજમેન્ટ પદ્ધતિઓ અપનાવવાથી જ ગ્રાહકોનો વિશ્વાસ જાળવી શકાય છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિતોનો આભાર માન્યો હતો.

આ વર્કશોપમાં ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, પ્રોફેશનલ્સ અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્કશોપ દરમ્યાન ઉપસ્થિત સભ્યોએ પ્રશ્નોત્તરી સત્રમાં સક્રિય ભાગ લીધો હતો અને નિષ્ણાંતો પાસેથી પોતાની શંકાઓનું નિવારણ મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ જાણકારીપ્રદ અને ઉપયોગી સાબિત થયો હતો.

# ગુજરાત બજેટથી સુરતના ઉદ્યોગોને મળશે નવી દિશાઃ ચેમ્બર ઓફ કોમર્સ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજ્ય સરકાર દ્વારા આજરોજ રજૂ કરાયેલા ગુજરાત બજેટને વ્યાપાર અને ઉદ્યોગલક્ષી ગણાવી તેને આવકારવામાં આવ્યું છે. બજેટમાં રાજ્યના ઉદ્યોગો, નિકાસ અને ખાસ કરીને ટેક્ષ્ટાઈલ ક્ષેત્રના વિકાસ માટે લેવામાં આવેલા પગલાંઓને ચેમ્બરે સકારાત્મક અને દીર્ઘદૃષ્ટિવાળા ગણાવ્યા છે.



**શ્રી નિખિલ મદ્રાસી**
**પ્રમુખ, ચેમ્બર ઓફ કોમર્સ**

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, બજેટમાં ટેક્ષ્ટાઈલ સ્કીમ હેઠળ ગયા વર્ષે ફાળવવામાં આવેલા રૂપિયા ૨,૦૦૦ કરોડની સામે આ વર્ષે રૂપિયા ૨,૭૭૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે, આથી ટેક્ષ્ટાઈલ ઉદ્યોગના વ્યાપક વિકાસ માટે આ જાહેરાત મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં ટેક્ષ્ટાઈલના સૌથી વધુ એકમો સુરતમાં છે અને અહીં ફાઈબરથી લઈને ફિનિશ્ડ ફેબ્રિક સુધીની સંપૂર્ણ વેલ્યુ ચેઈન ઉપલબ્ધ હોવાથી સુરતને દેશનું અગ્રણી ટેક્ષ્ટાઈલ હબ ગણવામાં આવે છે.

આથી ટેક્ષ્ટાઈલ સ્કીમ હેઠળ કરાયેલી જાહેરાતોનો સૌથી વધુ સીધો લાભ સુરતના ઉદ્યોગોને મળશે. આધુનિક મશીનરી, ટેકનોલોજી અપગ્રેડેશન, ઉત્પાદન ક્ષમતામાં વધારો અને નિકાસ વૃદ્ધિ માટે સરકારના પગલાં સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને નવી ગતિ આપશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ યોજનાઓનું ઝડપી અમલીકરણ થશે, જેના પરિણામે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ મળશે અને રોજગાર સર્જનમાં પણ વધારો થશે.

રાજ્ય સરકારે ગુજરાત સ્ટેટ એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સીલ સ્થાપવાની જાહેરાત કરી છે, જે રાજ્યના નિકાસકારો માટે મહત્વપૂર્ણ સાબિત થશે. આ કાઉન્સીલ દ્વારા નિકાસકારોને તાલીમ, માર્કેટ ઈન્ટેલિજન્સ, આંતરરાષ્ટ્રીય બજારો અંગે માર્ગદર્શન, નીતિ સહાય અને બ્રાન્ડિંગ સપોર્ટ મળશે. સાથે જ વૈશ્વિક વેપારની બદલાતી પરિસ્થિતિઓમાં ગુજરાતના ઉત્પાદકો અને નિકાસકારોને સ્પર્ધાત્મક બનવામાં મદદ મળશે. સરકારનો મુખ્ય હેતુ રાજ્યમાંથી નિકાસ પ્રક્રિયાને વધુ સરળ, ઝડપી અને વ્યવસ્થિત બનાવવાનો તથા ઉદ્યોગોને નવા આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચાડવાનો છે.



**શ્રી અશોક જીરાવાલા**
**ઉપપ્રમુખ, ચેમ્બર**

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા નિકાસ પ્રોત્સાહન, ઉદ્યોગસહાયક માળખું, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક બજારો સાથે જોડાણ વધારવા માટે લેવામાં આવેલા નિર્ણયો ગુજરાતને દેશના સૌથી અગ્રણી ઔદ્યોગિક અને નિકાસ કેન્દ્ર તરીકે વધુ મજબૂત બનાવશે.

તેમણે જણાવ્યું હતું કે, રાજ્યને વિકાસના નવા ધોરણે આગળ વધારવા છ ઈકોનોમિક રિજનની રચના કરવાની જાહેરાત કરવામાં આવી છે, જેમાં કચ્છ ઈકોનોમિક રિજન, સૌરાષ્ટ્ર ઈકોનોમિક રિજન, કોસ્ટલ સૌરાષ્ટ્ર ઈકોનોમિક રિજન, ઉત્તર ગુજરાત ઈકોનોમિક રિજન, મધ્ય ગુજરાત ઈકોનોમિક રિજન અને સુરત ઈકોનોમિક રિજનનો સમાવેશ થાય છે. આ છ ઈકોનોમિક રિજનના વિકાસ માટે કુલ રૂપિયા ૬,૬૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જેમાંથી રૂપિયા ૧,૦૦૦ કરોડ સુરત ઈકોનોમિક રિજનને ફાળવાશે તો સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ઔદ્યોગિક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગારી વિકાસને નોંધપાત્ર વેગ મળશે.



**શ્રી વિજય મેવાવાલા**
**તત્કાલિન પૂર્વ પ્રમુખ, ચેમ્બર**

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, નવીનતા અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા અમદાવાદ તથા ચાર રિજનલ સેન્ટરો ખાતે આઇ-હબના વિકાસ માટે રૂપિયા ૮૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાં સુરતનો પણ સમાવેશ થાય છે. આ પગલાથી સુરતમાં ટેકનોલોજી આધારિત ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે.

રાજ્યના બે મુખ્ય આર્થિક કેન્દ્રો અમદાવાદ અને સુરતને સેટેલાઇટ ટાઉન્સ સાથે જોડતી રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) સ્થાપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોજેકટથી મુસાફરી વધુ ઝડપી અને સુલભ બનશે, ઔદ્યોગિક વિસ્તારો વચ્ચેનો સંપર્ક મજબૂત થશે અને શહેરી વિકાસને નવી ગતિ મળશે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગોને વધુ અનુકૂળ વાતાવરણ આપવા બજેટમાં ૨૫ જીઆઇડીસીને સ્માર્ટ જીઆઇડીસી તરીકે વિકસાવવા તથા રૂપિયા ૧,૩૦૦ કરોડના રોકાણ સાથે ૧૨૦ મિની જીઆઇડીસીના અપગ્રેડેશનની જાહેરાત કરવામાં આવી છે. આ પગલાંથી ઇઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ મળશે અને નવા ઉદ્યોગો માટે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

આરોગ્ય સેવાઓના ક્ષેત્રમાં પણ મહત્વપૂર્ણ પગલું રૂપે અમદાવાદની તુલનામાં સુરતમાં મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલ સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે, જેનાથી દક્ષિણ ગુજરાતના નાગરિકોને આધુનિક અને ઉચ્ચ સ્તરની આરોગ્ય સેવાઓ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ થશે.



**શ્રી બિજલ જરીવાલા**
**માનદ્ મંત્રી, ચેમ્બર ઓફ કોમર્સ**



**સીએ શ્રી મિતિષ મોદી**
**માનદ્ ખજાનચી, ચેમ્બર**

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, આર્થિક માપદંડોની દ્રષ્ટિએ ગુજરાતનું પ્રદર્શન પણ નોંધપાત્ર રહ્યું છે. ગુજરાત રાજ્યનો બેરોજગારી દર માત્ર ૧.૨ ટકા છે, જે રાષ્ટ્રીય સરેરાશની તુલનાએ ઘણો ઓછો છે. ભારતના કુલ જીડીપીમાં ગુજરાતનું યોગદાન વધીને ૮.૩ ટકા થયું છે, જે વર્ષ ૨૦૧૦-૧૧માં ૬.૭ ટકા હતું. આ આંકડાઓ રાજ્યની મજબૂત ઔદ્યોગિક અને આર્થિક પ્રગતિનો સ્પષ્ટ પુરાવો આપે છે.

શહેરી વિકાસને વધુ મજબૂત બનાવવા માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂપિયા ૧૬,૧૧૬ કરોડની ફાળવણી કરાઇ છે, આથી શહેરોમાં માળખાકીય સુવિધાઓ, પરિવહન, પાણી, ગટર અને અન્ય નાગરિક સુવિધાઓના વિકાસને વેગ મળશે.

આવી રીતે સમગ્ર બજેટમાં કરવામાં આવેલી જાહેરાતો રાજ્યના પ્રાદેશિક સંતુલિત વિકાસ, ઔદ્યોગિક વૃદ્ધિ, ઈન્ફ્રાસ્ટ્રકચર મજબૂતી અને રોજગાર સર્જન માટે દિશાસૂચક સાબિત થશે.

# સુરતમાં MMF ટેક્ષ્ટાઇલ પર બજેટ અને ભૂરાજકીય અસરો અંગે સેમિનાર




ધ ટેક્ષ્ટાઇલ એસોસિએશન (ઇન્ડિયા) (ટીએઆઈ)ના દક્ષિણ ગુજરાત એકમ દ્વારા 12 ફેબ્રુઆરી, 2026ના રોજ અડાજણ સ્થિત ક્ષિતિજ બૅન્ક્વેટ હૉલ ખાતે “ઈમ્પેક્ટ ઓફ બજેટ એન્ડ જીઓપોલિટિકલ ડેવલપમેન્ટ્સ ઓન એમએમએફ ટેક્સટાઈલ્સ” વિષય પર એક મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત પીપલ્સ બેંક પ્રાયોજિત આ કાર્યક્રમમાં ઉદ્યોગ જગતના અગ્રણીઓ, ટેક્નોક્રેટ્સ અને નિષ્ણાતોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

આ પ્રસંગે ચેમ્બર વતી ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મિતિશભાઈ મોદી મુખ્ય નિષ્ણાત વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનાર દરમિયાન કેન્દ્રીય બજેટ 2026ની અસરો પર ઊંડાણપૂર્વક છણાવટ કરતા તેમણે કહ્યું કે, બજેટમાં કરવામાં આવેલી નેશનલ ફાઈબર સ્કીમની જાહેરાત આવકારદાયક છે. આ સ્કીમમાં MMF (મેન-મેડ ફાઈબર)નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે સુરત જેવા એમએમએફના મોટા ટેક્ષ્ટાઇલ હબ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. કૃષિ પછી બીજા સૌથી મોટા રોજગારી આપતા શ્રમ સઘન ટેક્સ્ટાઈલ સેક્ટર માટે સંકલિત પ્રોગ્રામ જાહેર કરાયો છે.



**ઉદ્યોગ સાહસિકોને સંબોધતા ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી**

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી મિતિશભાઈ મોદીએ પ્રથમ સત્રમાં બજેટની જોગવાઈઓનું વિશ્લેષણ કરતા જણાવ્યું હતું કે:

- કાચા માલ પરની કસ્ટમ ડ્યુટીમાં ફેરફાર ઉદ્યોગોના ખર્ચ માળખાને સકારાત્મક અસર કરશે.
- કરવેરા સુધારા MSME અને ટેક્ષ્ટાઇલ પ્રોસેસર્સ માટે નવા દરવાજા ખોલશે, ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપશે.
- ઉત્પાદન અને નિકાસ માટેના પ્રોત્સાહનો ભારતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવશે.

બીજા સત્રમાં TMMA(I)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી સચિનકુમાર અરોરાએ યુરોપિયન યુનિયન સાથે FTA અને યુએસએ સાથેના વેપાર સંબંધો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે સમજાવ્યું કે કેવી રીતે સાનુકૂળ વેપાર કરારો ચીન, વિયેટનામ અને બાંગ્લાદેશ સામે ભારતની સ્પર્ધાત્મકતા વધારી શકે છે.

# ચેમ્બરના સહયોગથી અફઘાનિસ્તાન મુલાકાતે નવા વ્યાપારિક અવસરો મળ્યા



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સભ્ય અને ડી. ખુશાલભાઈ જ્વેલર્સના ચેરમેન શ્રી દિપક ચોક્સીએ તા. ૧૫ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન અફઘાનિસ્તાનની વ્યાપારિક મુલાકાત લીધી હતી. ચેમ્બર ઓફ કોમર્સના સહયોગથી તેમણે અફઘાનિસ્તાનની વિવિધ સરકારી અને વ્યાપારિક એજન્સીઓ સાથે મુલાકાતો યોજી, જેમાં દ્વિપક્ષીય વેપાર તકોને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

અફઘાનિસ્તાન સરકારે વિશેષ સહયોગની ખાતરી આપતા રજિસ્ટ્રેશન, લાયસન્સિંગ તથા અન્ય જરૂરી પ્રક્રિયાઓ ઝડપી ગતિએ પૂર્ણ કરવા માટે સકારાત્મક વલણ દર્શાવ્યું હતું.

અફઘાનિસ્તાનની મુલાકાત દરમિયાન કાબુલ શહેરના મેયરશ્રી, મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના મંત્રી શ્રી નુરૂદ્દીન અઝીઝી તથા એક્ઝિબિશન સંચાલનના પ્રિન્સિપલ સેક્રેટરીએટ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં આગામી સમયમાં અફઘાનિસ્તાન ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રે વિશેષ એક્ઝિબિશન યોજવાની તથા તેમાં શ્રી દિપકભાઈની આગેવાની હેઠળ ભારતીય ભાગીદારી સુનિશ્ચિત કરવાની ચર્ચા કરવામાં આવી હતી.

તેમણે અફઘાનિસ્તાનમાં ગોલ્ડ માઈનની મુલાકાત લઈ ખાણ ઉદ્યોગની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. સાથે જ બિઝનેસ સેન્ટર ઓફ કલર સ્ટોનની મુલાકાત લઈ કલર સ્ટોન ટ્રેડ ક્ષેત્રની તકોનું મૂલ્યાંકન કર્યું હતું.

આ મુલાકાતને સફળ ગણાવતા શ્રી દિપક ચોક્સીએ આ અવસર માટે ચેમ્બર ઓફ કોમર્સનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં અફઘાનિસ્તાન સાથેના વેપાર સંબંધો વધુ વિસ્તરે તેવી આશા વ્યક્ત કરી હતી.

**ચેમ્બરના સભ્ય શ્રી દિપક ચોક્સીએ અફઘાનિસ્તાનની મુલાકાત દરમિયાન કાબુલ શહેરના મેયરશ્રી, મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના મંત્રી શ્રી નુરૂદ્દીન અઝીઝી તથા એક્ઝિબિશન સંચાલનના પ્રિન્સિપલ સેક્રેટરીએટ સાથે ઉચ્ચસ્તરીય બેઠક કરી**



# ટેક્ષ્ટાઈલ કોન્કલેવ ૨૦૨૬ યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ટેક્ષ્ટાઈલના ઉદ્યોગ સાહસિકોને વૈશ્વિક પડકારો અને તકો અંગે માર્ગદર્શન આપવા હેતુસર 'ટેક્ષ્ટાઈલ કોન્કલેવ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્કલેવમાં મુખ્ય વક્તાઓમાં લુથરા ગૃપના ચેરમેન શ્રી ગિરીશ લુથરા, કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી (CITI) પૂર્વ પ્રમુખ અને ટીટી લિમિટેડના ચેરમેન શ્રી સંજય જૈન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નિષ્ણાત શ્રી ગુરુદાસ અરાસે સુરતના ઉદ્યોગ સાહસિકોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ દેશના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે અને હાલના વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં સસ્ટેનેબિલિટી, ટેકનોલોજી અને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ જેવા મુદ્દાઓને સમજી આગળ વધવું અનિવાર્ય બન્યું છે.

લુથરા ગૃપના ચેરમેન શ્રી ગિરીશ લુથરાએ 'સસ્ટેનેબિલિટી, સરક્યુલારિટી એન્ડ કોમ્પ્લાયન્સ ટુ મીટ યુરોપિયન યુનિયન સ્ટાન્ડર્ડ્સ ફોર ઈન્ક્રીઝિંગ એક્ષ્પોર્ટ્સ થ્રુ એફ.ટી.એ.' વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે યુરોપિયન યુનિયનના કડક પર્યાવરણ સંબંધિત ધોરણો, કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાની આવશ્યકતા, સરક્યુલર ઈકોનોમી મોડલ તથા ટ્રેસેબિલિટી સિસ્ટમ્સ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, એફટીએના લાભો મેળવવા માટે આંતરરાષ્ટ્રીય નિયમો અને કંપ્લાયન્સનું પાલન કરવું આવશ્યક છે.

સિટીના પૂર્વ પ્રમુખ અને ટીટી લિમિટેડના ચેરમેન શ્રી સંજય જૈને 'ઈન્ડિયાઝ રિસેન્ટ એફટીએઝ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ફોર એમએમએફ ટેક્ષ્ટાઈલ્સ એન્ડ એસ્ટાબ્લિશિંગ ઈન્ટર-ક્લસ્ટર કો-ઓર્ડિનેશન' વિષય પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારત



**શ્રી નિખિલ મદ્રાસી**
**પ્રમુખ, ચેમ્બર**



**શ્રી ગિરીશ લુથરા**
**ચેરમેન, લુથરા ગૃપ**



**શ્રી સંજય જૈન, CITIના**
**પૂર્વ પ્રમુખ અને TT**
**લિમિટેડના ચેરમેન**



**શ્રી ગુરુદાસ અરાસ**
**આર્ટિફિશિયલ**
**ઈન્ટેલિજન્સ નિષ્ણાત**

દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા એફટીએ કરારોના સંદર્ભમાં એમએમએફ ટેક્ષ્ટાઇલ ક્ષેત્રમાં ઊભી થતી તકો અંગે માહિતી આપી હતી. તેમણે અલગ-અલગ ટેક્ષ્ટાઇલ ક્લસ્ટર્સ વચ્ચે સુમેળ સાધી સંકલિત વિકાસના મહત્વ પર ભાર મુક્યો હતો.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નિષ્ણાત શ્રી ગુરુદાસ અરાસે 'ટેક્ષ્ટાઇલ્સમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગના અમલીકરણ' વિષય પર પ્રસ્તુતિ આપી હતી. તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગના ઉપયોગથી ઉત્પાદન ક્ષમતા વધારવી, ક્વોલિટી કંટ્રોલમાં સુધારો કરવો, ડિમાન્ડ ફોરકાસ્ટિંગ તથા સપ્લાય ચેઇન મેનેજમેન્ટને વધુ કાર્યક્ષમ બનાવવાની શક્યતાઓ પર ભાર મુક્યો હતો.

ચેમ્બરના ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના ચેરમેન અને ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતીએ કોન્કલેવ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ કોન્કલેવનો મુખ્ય હેતુ સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક બનાવવા માટે માર્ગદર્શન અને દિશા પ્રદાન કરવાનો હતો.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ભીલોસા ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.ના સીઓઓ શ્રી દીપ દત્ત શર્મા, ચેમ્બરના ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના એડવાઇઝર શ્રી એસ.પી. વર્મા, ઉદ્યોગકારો, નિકાસકારો તથા વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ કોન્કલેવમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ કોન્કલેવનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના સભ્ય શ્રી અતુલ પટેલે કોન્કલેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

# દૈનિક જીવનમાં થતા સામાન્ય હાડકા અને સાંધાના રોગો વિષે જાગૃતિ સત્ર




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે દૈનિક જીવનમાં થતા સામાન્ય હાડકા અને સાંધાના રોગો વિષે જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના વ્યસ્ત જીવન અને બદલાતી જીવનશૈલીને કારણે લોકોમાં હાડકા અને સાંધા સંબંધિત તકલીફો વધતી જોવા મળે છે. રોજિંદા જીવનમાં થતી સામાન્ય હાડકા અને સાંધાની સમસ્યાઓ, તેની સારવાર તથા બચાવ અંગે નિષ્ણાતોના માર્ગદર્શનથી લોકોને ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય વકતા તરીકે ડો. શ્રુજલ શાહ (કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક એન્ડ કમ્પ્યુટર-અસિસ્ટેડ જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, ગ્રીન લીફ હોસ્પિટલ તથા સર્વમ ઓર્થોપેડિક હોસ્પિટલ) દ્વારા હાડકા અને સાંધાના સામાન્ય રોગો, તેના કારણો, લક્ષણો તથા આધુનિક સારવાર પદ્ધતિઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે દૈનિક જીવનમાં યોગ્ય કસરત, સંતુલિત આહાર અને સક્રિય જીવનશૈલી અપનાવવાની જરૂરિયાત પર પણ ભાર મુકયો હતો.

તેમણે જણાવ્યું હતું કે, લાંબા સમય સુધી બેસીને કામ કરવું, કસરતનો અભાવ, ખોટી બેસવાની અને ઊભા રહેવાની રીત તથા વધતા વજનના કારણે લોકોમાં હાડકા અને સાંધાના રોગો ઝડપથી વધી રહ્યા છે. જો સમયસર ધ્યાન આપવામાં આવે અને યોગ્ય કસરત, સંતુલિત આહાર તેમજ નિયમિત આરોગ્ય તપાસ કરવામાં આવે તો આવી ઘણી સમસ્યાઓથી બચી શકાય છે. તેમણે લોકોને હાડકા અને



ડૉ. શ્રુજલ શાહ



સાંધાના આરોગ્ય પ્રત્યે સજાગ રહેવા અને તકલીફ જણાય ત્યારે નિષ્ણાત ડોકટરની સલાહ લેવાની પણ અપીલ કરી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી નૈનેશ પચ્ચીગરે મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ભાવેશ ટેલરે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમ ઉપસ્થિત સભ્યો માટે ખૂબ જ માહિતીસભર સાબિત થયો હતો

# ટેરેસ ગાર્ડનિંગ પ્રેઝન્ટેશન – કિચન ગાર્ડન વિષે કાર્યક્રમ



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વિંગ અને એગ્રીકલ્ચર એન્ડ એનિમલ હઝબન્ડ્રી કમિટી દ્વારા કૃષી વિજ્ઞાન કેન્દ્ર સુરત તથા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી સોમવાર, તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એક્ઝિબિશન ગ્રાઉન્ડ ખાતે ટેરેસ ગાર્ડનિંગ પ્રેઝન્ટેશન - કિચન ગાર્ડન વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરની લેડીઝ વિંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ ઉપસ્થિત મહાનુભાવો અને બહેનોનું સ્વાગત કરી ટેરેસ ગાર્ડનિંગ તથા ઘરઆંગણે શાકભાજી ઉગાડવાની જરૂરિયાત અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, શહેરોમાં વધતા પ્રદૂષણ અને જીવનશૈલીના ફેરફારોને ધ્યાનમાં રાખીને ઘરઆંગણે કિચન ગાર્ડન વિકસાવવું અત્યંત મહત્વપૂર્ણ બની ગયું છે. તેમણે ઘરને હરિયાળી બનાવી સ્વસ્થ રહેવાની બાબત પર પ્રકાશ પાડ્યો હતો.

મુખ્ય વકતા તરીકે શ્રીમતી ભકિતબેન પંચાલ (સાયન્ટિસ્ટ-હોર્ટિકલ્ચર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, સુરત) દ્વારા કિચન ગાર્ડન સંદર્ભે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ટેરેસ પર ઓછા ખર્ચે અને ઓછી જગ્યામાં વિવિધ શાકભાજી, ફળો તથા ઔષધીય છોડ કેવી રીતે ઉગાડી શકાય તેની વૈજ્ઞાનિક પદ્ધતિઓ સમજાવી હતી. સાથે જ ઓર્ગેનિક ખાતર, પાણી



**શ્રીમતી મયુરીબેન મેવાવાલા**
**ચેરપર્સન લેડીઝ વિંગ, ચેમ્બર**




**શ્રીમતી ભક્તિબેન પંચાલ (સાયન્ટિસ્ટ-હોર્ટિકલ્ચર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, સુરત)**

વ્યવસ્થાપન, મોસમી પાકોની પસંદગી અને રોગ નિયંત્રણ અંગે ઉપયોગી જાણકારી આપી હતી.

સુરત મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી ગાયત્રીબેન જરીવાલાએ જણાવ્યું હતું કે, ટેરેસ ગાર્ડનિંગ દ્વારા શહેરોમાં સીમિત જગ્યાનો સદુપયોગ કરી હરિયાળી વધારી શકાય છે તેમજ ઘરમાં તાજું અને સ્વસ્થ શાકભાજી મેળવવું શક્ય બને છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, સુરતના ડેપ્યુટી ડિરેક્ટર શ્રી જનકસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, યોગ્ય માર્ગદર્શન અને ઓર્ગેનિક પદ્ધતિઓ અપનાવીને ટેરેસ પર ઓછા ખર્ચે વિવિધ શાકભાજી અને ઔષધીય છોડ સફળતાપૂર્વક ઉગાડી શકાય છે.


ચેમ્બરની લેડીઝ વિંગના વાઈસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ આભાર વિધિ રજૂ કરી હતી. તેમણે કાર્યક્રમના સફળ આયોજન માટે તમામ સહયોગી સંસ્થાઓ, મહાનુભાવો અને ઉપસ્થિત સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

ચેમ્બરની લેડીઝ વિંગના સભ્ય શ્રીમતી પ્રજ્ઞાબેન કડાકિયા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની એગ્રીકલ્ચર એન્ડ એનિમલ હઝબન્ડ્રી કમિટીના ચેરમેન શ્રી કે.બી. પિપલીયા અને લેડીઝ વિંગની મહિલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ ઉપસ્થિત બહેનો અને નાગરિકો માટે ખૂબ જ માહિતીસભર અને પ્રેરણાદાયક સાબિત થયો હતો. ટેરેસ ગાર્ડનિંગ અને કિચન ગાર્ડનિંગ દ્વારા સ્વચ્છ, તાજું અને ઝેરમુક્ત ખોરાક મેળવવાની દિશામાં લોકોને પ્રોત્સાહન મળ્યું હતું.

# પોલીસની ૧૧૨ની સેવા અને ટ્રાફિક મોનિટરિંગ અંગે બહેનોને માહિતગાર કરાવ્યા





**બહેનોને સુરત પોલીસની કામગીરી વિશે માહિતી આપતી વખતે નાયબ પોલીસ કમિશનર શ્રી એ. એમ. પરમાર**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અખિલ હિન્દ મહિલા પરિષદની બહેનોને ટ્રાફિક નિયમોની જાણકારી આપવાના હેતુથી સુરત પોલીસ કન્ટ્રોલ રૂમની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સુરતના નાયબ પોલીસ કમિશનર શ્રી એ.એમ. પરમારે અખિલ હિન્દ મહિલા પરિષદની બહેનોને પોલીસ કંટ્રોલ રૂમની કાર્યપદ્ધતિ અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે ખાસ કરીને વેરી હાય ફ્રિકવન્સી કોમ્યુનિકેશન સિસ્ટમ વિશે સમજાવતા જણાવ્યું કે, પોલીસ વિભાગ વચ્ચે તાત્કાલિક અને અસરકારક સંચાર માટે આ ટેકનોલોજી અત્યંત મહત્વપૂર્ણ છે.

ડીસીપી શ્રી પરમારે દેશવ્યાપી આપાતકાલીન સેવા નંબર ૧૧૨ વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી. આ નંબર પર કોલ કરવાથી નાગરિકોને પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ (મેડિકલ) જેવી તાત્કાલિક સેવાઓ ઝડપથી ઉપલબ્ધ થાય છે તે સમજાવવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન બહેનોને કંટ્રોલ રૂમમાં સ્થાપિત આધુનિક સીસીટીવી કેમેરા નેટવર્ક પણ દર્શાવવામાં આવ્યું હતું. ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકોને કેમેરાની મદદથી કેવી રીતે ઓળખી ઇ-ચલણ આપવામાં આવે છે તેની પ્રેક્ટિકલ પ્રક્રિયા સમજાવવામાં આવી હતી.

આ ઉપરાંત શહેરમાં છેલ્લા એક મહિના દરમિયાન બનેલા વિવિધ બનાવો જેવા કે માર્ગ અકસ્માતો, ટ્રાફિક નિયમ ભંગના કેસો તેમજ કારમાંથી થયેલી ચોરી જેવી ઘટનાઓના ફૂટેજ પણ બતાવવામાં આવ્યા હતા, આથી બહેનોને શહેરની સુરક્ષા વ્યવસ્થા અંગે વાસ્તવિક સમજ કેળવાઈ હતી.

ચેમ્બરની ટ્રાફિક અવેરનેસ એન્ડ એજ્યુકેશન કમિટીના ચેરપર્સન શ્રીમતી કામિનીબેન ડુમસવાલાના નેજા હેઠળ યોજાયેલી આ મુલાકાત બહેનો માટે ખૂબ જ માહિતીસભર અને જાગૃતિ લાવનારી સાબિત થઈ હતી. બહેનોએ પોલીસ વિભાગની ટેકનોલોજી આધારિત કામગીરી અને નાગરિક સુરક્ષા માટેના પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

# 'ટ્યુબરક્યુલોસિસઃ મિથ્સ, ફેક્ટ્સ એન્ડ પ્રિવેન્શન' વિષે સત્ર




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ટ્યુબરક્યુલોસિસ (ટીબી) અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી ગુરૂવાર, તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૭:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ટ્યુબરક્યુલોસિસ: મિથ્સ, ફેક્ટ્સ એન્ડ પ્રિવેન્શન – બ્રેકિંગ મિસકોન્સેપ્શન, પ્રમોટિંગ અર્લી ડિટેક્શન, એન્શ્યોરિંગ કમ્પ્લીટ ક્યોર' વિષય પર જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ટ્યુબરક્યુલોસિસ જેવી ચેપજન્ય બીમારી અંગે સમાજમાં હજુ પણ અનેક ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. આવા વિષયો પર નિષ્ણાતોના માર્ગદર્શનથી લોકોને સાચી માહિતી મળે અને જાગૃતિ વધે તે માટે ચેમ્બર દ્વારા સમયાંતરે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

ભારતના કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના નેશનલ ટીબી એલિમિનેશન પ્રોગ્રામ હેઠળ સેન્ટ્રલ ટીબી ડિવિઝનના જોઈન્ટ કમિશનર અને એડિશનલ ડેપ્યુટી ડિરેક્ટર જનરલ ડો. સંજયકુમાર મટ્ટુ દ્વારા સરકાર દ્વારા ચલાવવામાં આવતી ટીબી નિવારણ અને નિયંત્રણ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા ટીબીના સંપૂર્ણ ઉન્મૂલન માટે વિવિધ કાર્યક્રમો અને આરોગ્ય સેવાઓ અમલમાં મુકવામાં આવી રહી છે, જેમાં સમયસર તપાસ, મફત સારવાર અને જાગૃતિ અભિયાનનો સમાવેશ થાય છે.

મુખ્ય વક્તા તરીકે ડો. રાહુલ સંઘવી (WHO કન્સલ્ટન્ટ – ગુજરાત) દ્વારા ટ્યુબરક્યુલોસિસ અંગે વ્યાપક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ટીબીના લક્ષણો, તેના ફેલાવાના કારણો, સમયસર નિદાન અને સારવારની જરૂરીયાત અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે યોગ્ય સમય પર તપાસ અને સંપૂર્ણ સારવાર દ્વારા ટીબી સંપૂર્ણપણે મટાડી શકાય છે. સાથે જ તેમણે લોકોને આ રોગ અંગેની ગેરમાન્યતાઓ દૂર કરીને જાગૃત બનવાની અપીલ કરી હતી.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીની ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ટ્યુબરક્યુલોસિસ અંગે લોકોમાં સાચી સમજણ વિકસે, વહેલી તકે નિદાન થાય અને સંપૂર્ણ સારવાર દ્વારા રોગને નિયંત્રણમાં લાવવામાં મદદ મળે તે હેતુથી આ સત્રનું આયોજન કરાયું હતું.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડો. રાજન દેસાઈએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, વક્તાઓ તથા સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

SGCCI

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

## *We sincerely thank our Sponsors of Birthday Gifts*

JOGANI REINFORCEMENT · Sihora Industries Ltd · Madhavji Patel Landmark Corporation · SOLEX Own Your Power... · KP Group www.kpgroup.co

Khushalbhai Jewellers · Shakti Group Companies · EKTA Forest Close to Nature · A-ONE Lifestyle · Lotus Masala Since 1963

Re:fresh Organic • Natural • Sustainable · KLM Laboratories Pvt. Ltd. · Maharana · Vedant · visitorz.io

Manbhavan Mukhwas & Munchies HEALTHY, HYGIENIC & HOME MADE · TeaOx by Jivraj · Kamdhenu Gauveda · Vasudev Stuudio Pvt Ltd Delivering Textiles Beyond Promise · GANDHI GROUP OF INDUSTRIES

Mahadev fabric · અંજુબેન · Thyme & Whisk · आस्था Lace · Laflora Chocolate · NARMADA GROUP Expression of Growth

KAPOOR PHENYL · BRAHMANI Furniture Inspired by Innovation · OTLO · amazon digital kendra · Alibaba.com Grownext Export Solution Pvt. Ltd.

J Motors "Always for your service" · HASTEE BAKERY Live Cake Shop & Namkeen Mall · Hilton Garden Inn Surat City Centre · Natural Alkaline Water Aāva Natural Mineral Water ATISH OVERSEAS · KANIYARO Occasional Ethnic

Chatni Wala · RAJ Wafers · Coffy-Rico Quick Cup of Joy · VOLUBIT · HD HAIR & MAKEUP STUDIO A Complete Family Salon · SWASTIK FINSOL Financing | Debt | IPO

More contributions are welcome for Birthday Gifts Contact: **+91 72111 73110**

ACT WITH ONE MIND




**SPECIAL**
**10% DISCOUNT**
FOR SGCCI
MEMBERS ONLY

SGCCI

SESDC
SGCCI EDUCATION HUB

GFRRC

**THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY**
**SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE**
**GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE**

## SHORT TERM COURSES FOR ENTREPRENEURS

| MANAGEMENT COURSE | Textile Courses |
|---|---|
| Master Class of Export Import | Textile @ A GLANCE |
| Enhanced Digital Marketing | Modern Yarn Preparatory |
| Stock Market Trading Course | Fabric Identification |
| Concept of Mutual Funds | Modern Weaving Technology |
| Office Automation with Google Workspace | Dobby & Jacquard Designing |
| Basic Microsoft Excel | Fabric Processing |
| Advanced Ms Excel | Technical Textile |
| Business Accounting | Garment Manufacturing |
| Accountant with Taxation | Circular Knitting |

**MORE DETAILS CONTACT**

**Mr. Kirtan Mehta (M) +91 72111 73123**
**Venue:** SGCCI, Samruddhi Building, Nanpura, Surat.
(E) education@sgcci.in (W) www.sgcci.in

# THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

SGCCI

## UPCOMING EXHIBITIONS FOR THE YEAR 2025-26

14th EDITION SITEX SURAT INTERNATIONAL TEXTILE EXPO
25-26-27 APRIL 2026
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SGCCI WEALTH EXPO 2026
8-9-10 MAY

SGCCI - CHEMEXCIL CHEMICAL & PHARMA EXPO
15-16-17 MAY 2026

3rd Edition Surat Startup Summit '26
15-16-17 MAY 2026

SGCCI DiMaS DIGITAL MARKETING SUMMIT & EXPO
15 16 17 MAY 2026

Health & Wellness Expo
15 16 17 MAY '26

SMART EDUCATION EXPO 2026
15-16-17 MAY 2026

Sports EXPO '26
15-16-17 MAY

## EXHIBITIONS FOR THE YEAR 2025-26

RAKHI SPECIAL SHRAVAN BUSINESS MELA
4-5-6 July 2025

4th EDITION WEAVE KNITT EXHIBITION 2025
THE COMPLETE FABRIC SHOW
18 19 20 JULY 2025
B2B Platform for Weavers & Knitters

7th EDITION YARN EXPO
An International Trade Show
1 2 3 AUG. 2025

संस्कृति
The Mega Art Festival
Celebrating Art, Culture & Handicraft
12th & 13th September, 2025

Diwali BUSINESS MELA
10-11-12 October 2025

12th EDITION SITEX SURAT INTERNATIONAL TEXTILE EXPO
22-23-24 NOV 2025
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

Art EXHIBITION SURAT
2 TO 4 JANUARY 2026

SITME '26
SURAT INTERNATIONAL TEXTILE & MACHINERY EXPO
09-10-11-12 JAN 2026
EMBROIDERY MACHINERY EXPO

6th EDITION SGCCI Food & Beverages EXPO
24 25 26 JANUARY 2026

SGCCI GLOBAL VILLAGE
GLOBAL EXCHANGE & TRADE EXHIBITION
24 25 26 JANUARY 2026

WEE'26
24-25-26 Jan. 2026

SGCCI EPE EXPO
ENERGY • POWER • ELECTRICAL
Powering the Future – Today
6-7-8 FEBRUARY 2026

Surat Art Street @ SCET College
21 & 22 FEBRUARY 2026

13th EDITION SITEX SURAT INTERNATIONAL TEXTILE EXPO
21-22-23 FEB 2026
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SURAT INTERNATIONAL auto expo 7th Edition
13-14-15-16 MARCH 2026
FUELLING THE FUTURE OF MOBILITY

AHMEDABAD Art EXHIBITION
19 TO 22 MARCH 2026

ACT WITH ONE MIND